RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 164* Date: 12.04.2020 * Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વડાપ્રધાન મોદીએ તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજી

# કોરોના મહામારીઃ લોકડાઉન ૩૦ એપ્રિલ સુધી શુ લંબાશે?

*ન્યુ દિલ્હી,તા.૧૧*

કોરોના મહામારીને ડામવા સમગ્ર ભારત ૨૧ દિવસના લોકડાઉનમાં બંધ છે અને ૧૪ એપ્રિલના રોજ તેની મુદત પૂરી થાય તે પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે આજે વિડિયો કોન્ફરન્સ બેઠક યોજીને લોકડાઉનમાં વધારા અંગે તેમના સૂચનો માંગ્યા હતા. લગભગ તમામ મુખ્યમંત્રીઓએ કોરોના રોગચાળાના કેસોમાં સતત થઇ રહેલા વધારાને ધ્યાનમાં રાખીને વડાપ્રધાનને ૩૦ એપ્રિલ સુધી લોકડાઉનમાં વધારો કરવાનું ચૂચવ્યું હતું. જો કો ઓરિસ્સા અને પંજાબે ગઇકાલે જ સોકડાઉનની સમય મર્યદા ૧ મે સુધી લંબાવી દીધી હતી. આજે થયેલી ચર્ચા અંગે વડાપ્રધાન મોદી દેશને વિશ્વાસમાં લેવા આવતીકાલ ૧૨મીએ કે રવિવારે રાત્રે ફરીથી રાષ્ટ્ર જોગ સંબોધન કરીને લોકડાઉન વધારવા અંગેન જાહેરાત કરી શકે તેમ છે. આજની આ વિડિયો બેઠકમાં કેટલાક રાજ્યોએ કોરોના સામે લડવા ટેસ્ટીંગ કીટ, જરૂરી ઉપકરણ(પીપીઇ) સહિત અન્ય માંગણીઓ પણ વડાપ્રધાન સમક્ષ રજૂ કરી હતી. મોદીએ રાજ્યોને ખાતરી આપી હતી કે તઓ ચોવીસે કલાક ઉપલબ્ધ હોય છે તેથી જે ચીજવસ્તુઓની જરૂર હોય તેની યાદી અમને મોકલાશે તો તરત જ તેની વ્યવસ્થા કરાશે.

સૂત્રોએ કહ્યું કે વડાપ્રધાને રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વિડિયો કોન્ફરન્સિંગથી ત્રીજી વખત વાત કરી હતી અને સામાન્ય લોકોને કોરોનાથી જાગૃત કરવા માટે પોતે માસ્ક લગાવીને વિડિયો કોન્ફરન્સ (વીસી) પર ચર્ચા કરી હતી.



નરેન્દ્ર મોદીએ શનિવારે મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સ કરી મુખ્યત્વે કોરોનાવાયરસના પ્રસારને રોકવા માટે ૨૧ દેશવ્યાપી લોકડાઉન અંગે પોતાનો પ્રતિસાદ લેવાના સંકેતો વચ્ચે શટડાઉનને અમુક મુક્તિઓ સાથે વધારી શકાય તેવા સંકેતો આપ્યા હતા.

વડા પ્રધાન મોદીએ મુખ્યમંત્રીઓને ખાતરી આપી હતી કે રાજ્યો દ્વારા આપવામાં આવેલા સૂચનો પર વિચાર કરવામાં આવશે. આ વીસી બેઠકમાં મુખ્યમંત્રીઓમાં અમરિંદરસિંહ (પંજાબ), મમતા બેનર્જી (પશ્ચિમ બંગાળ), ઉદ્ધવ ઠાકરે (મહારાષ્ટ્ર), યોગી આદિત્યનાથ (ઉત્તર પ્રદેશ), મનોહર લાલ ખટ્ટર (હરિયાણા), કે ચંદ્રશેખર રાવ (તેલંગાણા) અને નીતીશ કુમાર (બિહાર) શામેલ હતા.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે વડા પ્રધાન મોદી સાથેની તેમની વીડિયો કોન્ફરન્સમાં ભારતભરમાં ૩૦ એપ્રિલ સુધીમાં લોકડાઉન વધારવાનું સૂચન કર્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રાલયે રાજ્ય સરકારો પાસેથી વિવિધ પાસાઓ પર અભિપ્રાય માંગ્યા છે, જેમાં વધુ લોકોને અને સેવાઓમાંથી મુક્તિ આપવી જોઈએ કે કેમ તેની માહિતીનો સમાવેશ થાય છે.

સવારે ૧૧ વાગ્યે શરૂ થયેલી વિડિઓ કોન્ફરન્સ, એવી સંભાવના વચ્ચે આવી છે કે કેન્દ્ર સરકાર કેટલાક સંભવિત છૂટછાટ સાથે દેશવ્યાપી લોકડાઉન લંબાવી શકે છે. ઘરેલુ માસ્ક પહેરેલા મોદીએ પોતાની શરૂઆતના સંબોધનમાં કહ્યું હતું કે તેઓ મુખ્ય પ્રધાનો માટે ૨૪૮૭ ઉપલબ્ધ છે અને તેઓ ગમે ત્યારે તેમનો સંપર્ક કરવા સ્વતંત્ર છે.

દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે, જેઓ પોતાનો અભિપ્રાય જણાવવામાં સૌથી પહેલા હતા, તેઓએ કહ્યું કે લોકડાઉન લંબાવવાનો નિર્ણય રાષ્ટ્રીય નિર્ણય હોવો જોઈએ અને રાજ્યો પર છોડી દેવો ન જોઈએ.

સૂત્રોના જણાવ્યાં મુજબ કેજરીવાલે કહ્યુ હતું કે તેઓ હાલના ૨૧ મી દિવસીય લોકડાઉન ૩૦ એપ્રિલ સુધી લંબાવવાની તરફેણમાં છે. તેમણે એવી પણ હિમાયત પણ કરી હતી કે આ સમયે માર્ગ અને હવાઇ સહિતની પરિવહન સેવાઓમાં કોઈ છૂટછાટ ન આપવી જોઈએ.

પંજાબ અને ઓડિશાએ મંગળવાર, ૧૪ એપ્રિલથી આગળ લોકડાઉન લંબાવવાની ઘોષણા કરી દીધી છે, જયારે વર્તમાન દેશમાં ૨૧-દિવસનું શટડાઉન સમાપ્ત થાય છે. આ બીજી વખત છે જયારે વડા પ્રધાન લોકડાઉન લાદ્યા બાદ વીડિયો લિંક દ્વારા મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરી રહ્યા હતા.

આ અગાઉ મોદીએ ૨૦ માર્ચ અને ૨ એપ્રિલના રોજ મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરી હતી. કોરોના વાઈરસના સંક્રમણને અટકાવાવ માટે ૨૧ દિવસનું દેશવ્યાપી લોકડાઉન ૧૪મી એપ્રિલના રોજ પૂરું થવા જઈ રહ્યુ છે.અત્યાર સુધીમાં ૧૧માંથી ૧૦ રાજ્યોએ કેન્દ્ર સરકારને લોકડાઉન વધારવાની માંગ કરી છે. એવું માનવામાં આવે છે કે લોકડાઉન ૩૦ એપ્રિલ સુધીમાં દેશભરમાં લંબાવી શકાય છે. ૧૪ એપ્રિલ મંગળવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી કોરોનાને લઈને ચોથી વાર દેશને સંબોધન કરી શકે છે. મોદીએ ૨૪ માર્ચે પોતાના બીજા સંબોધનમાં ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત કરી હતી.

### કુલ સંક્રમિતોનો આંકડો ૪૩૨,મૃત્યુઆંક ૧૯ અને ૩૪ લોકો સ્વસ્થ થયા

# ગુજરાતમાં કોરોના વિસ્ફોટઃ વધુ ૫૪ પોઝિટિવ કેસ સાથે આંકડો ૪૦૦ને પાર

*ગાંધીનગર,તા.૧૧*

ગુજરાતમાં કોરોના મહામારીના કેસોની વણઝાર જાણે થંભવાનું નામ ન લેતી હોય તેમ આજે પણ નવા ૫૪ પોઝીટીવ કેસો બહાર આવ્યાં હતા. ૫૪માંથી ૩૧ કેસ તો એકલા અમદાવાદમાંથી બહાર આવ્યાં હતા. આમ એક રીતે જોઇએ તો અમદાવાદમાં કોરોનાના હોટસ્ટપોટ વિસ્તારો ડેન્જર બની રહ્યાં હોય તેવું બિહામણુ ચિત્ર બહાર આવી રહ્યું છે. સરકારે ગઇકાલે એમ કહ્યું કે કેસો વધશે પરંતુ ચિંતાની કોઇ બાબત નથી. તેમ છતાં રોજેરોજ ૫૦-૫૦ કેસો બહાર આવી રહ્યાં હોય ત્યારે લોકો ચિંતિત થાય તે સ્વાભાવિક છે. કોરોનાના કેસો નવા નવા વિસ્તારો અને નવા નવા જિલ્લાઓમાંથી બહાર આવી રહ્યાં છે તે પણ ખતરની ઘંટી સમાન કહી શકાય. હાલમાં એક લાખ કરતાં વધુ લોકો હોટસ્પોટ વિસ્તારોમાં બંધ છે.

રાજ્યમાં સતત કોરોના પોઝિટિવ કેસોમાં વધારો થઇ રહ્યાની વચ્ચે. કોરોનાની વિગતો આપતા આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું હતું કે , રાજ્યમાં નવા ૫૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાંથી ૩૧ કેસ અમદાવાદમાં, ૧૮ કેસ વડોદરામાં, ૩ કેસ આણંદમાં, સુરત અને ભાવનગરમાં ૧-૧ નોંધાયા છે. આ સાથે રાજ્યમાં કુલ પોઝિટિવ દર્દીઓનો આંકડો ૪૩૨એ પહોંચ્યો છે. જયારે ૧૯ લોકોના મોત નીપજ્યા છે. તો ૩૪ લોકો સાજા થયા છે. આણંદ જિલ્લાના ખંભાતમાં એક પોઝિટિવ કેસ નોંધાયો છે. નોંધનીય છેકે, ક્લસ્ટર કરવામા આવેલા વિસ્તારોની સાથે સાથે હવે ભરૂચ જેવા નવા જિલ્લાઓમાં પણ કોરોના પોઝિટિવના કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૯૩ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૧૨૪ પોઝિટિવ અને ૧૧૮૭ નેગેટિવ આવ્યા છે, જયારે ૨૮૨ ટેસ્ટ પેન્ડિંગ છે.

કોરોના વાયરસનો કુલ આંક ૪૩૨ પર પહોંચી ગયો છે. જેમાં ૩૭૯ કેસ એક્ટીવ અને ૩ લોકો વેન્ટીલેટર પર હોવાનું જણાવ્યું છે. તમામ દર્દીઓમાં ૩૭૬ લોકોની હાલત સ્થિર છે. જયારે ૩૪ લોકો સારવાર બાદ સાજા થયા છે. રાજ્યભરમાં ૮૩૩૧ ટેસ્ટમાંથી ૪૩૨ પોઝિટિવ અને ૭૬૧૭ નેગેટિવ આવ્યા હોવાનું જણાવ્યું છે, જયારે ૨૮૨ સેમ્પલનો રિપોર્ટ આવવાના બાકી છે.

અમદાવાદનો કુલ આંકડો ૨૨૮એ પહોંચ્યો છે. અમદાવાદમાં શુક્રવાર સવારથી સાંજના છ કલાક સુધીમાં ૫૩૯ સર્વે કરાયાં હતાં તે પૈકી ૪૪ લોકો કોરોના પોઝિટિવ જણાયાં હતાં. આમ લગભગ કુલ શંકાસ્પદ લોકો પૈકી ૧૦ ટકા લોકો પોઝિટિવ જણાય છે. હજુ પણ આ વિસ્તારોમાં કામગીરી યથાવત્ રહેશે, પરંતુ હવે નવાં વિસ્તારોને પણ આવરી લેવામાં આવશે. શહેરોમાં જે વિસ્તારોમાં કોઇ કેસ નોંધાયો નથી તેવા વિસ્તારોમાં પણ ટેસ્ટિંગ કરીને ત્યાં પણ રોગના અટકાવ માટેની કામગીરી કરવામાં આવશે. સોલા સિવિલને ટેસ્ટ માટે પરવાનગી મળી અમદાવાદની એસવીપી હોસ્પિટલ બાદ હવે સોલા સિવિલ હોસ્પિટલને પણ કોરોના માટેના ટેસ્ટિંગની પરવાનગી મળી ગઇ છે. આ સેન્ટર પર રોજના ૧૫૦ ટેસ્ટ થઇ શકશે. હાલ કોરોના પોઝિટિવ દર્દીઓને સોલા સિવિલમાં પણ રાખવામાં આવ્યાં છે.હાલ ગુજરાતમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓ સર્વે કરી રહ્યાં છે તે દરમિયાન ૬૦,૦૦૦ લોકો તાવ-શરદી-કફ જેવાં ઇન્ફલુએન્ઝા બિમારીના લક્ષણોવાળા જણાયાં હતાં. તો શ્વસનતંત્રની ગંભીર બિમારીઓ ધરાવતાં પણ કેટલાંક લોકો ધ્યાને આવ્યાં છે. આવાં લોકો પર આરોગ્યવિભાગની ખાસ નજર રહેશે. આ તમામ દર્દીઓને સંપૂર્ણપણે હોમ ક્વોરન્ટાઇનનું પાલન કરવાની સલાહ અપાઇ છે.

### અત્યાર સુધી ૭૪૪૭ પોઝિટિવ કેસ નોંધાયા,કુલ ૨૩૯ના મોત

# છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના રેકોર્ડબ્રેક ૧૦૩૫ કેસ, ૪૦ લોકોના મોત



*ન્યુ દિલ્હી,તા.૧૧*

ભારતમાં કોરોના વાયરસ ઝડપથી પ્રસરી રહ્યો છે. ભારતમાં કોવિડ-૧૯ થી અત્યાર સુધી ૨૩૯ લોકોનાં મોત નીપજ્યાં છે અને કોરોના ચેપનાં ૭,૪૪૭ કેસ નોંધાયા છે. શનિવારે આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા છેલ્લા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના કુલ ૧,૦૩૫ નવા કેસ સામે આવ્યા છે અને ૪૦ લોકોનાં મોત નીપજ્યાં છે. ૨૪ કલાકમાં અત્યાર સુધીમાં આ સૌથી વધુ કેસો અને મૃત્યુની સંખ્યા છે. જો કે, થોડી રાહત છે કે આ રોગથી અત્યાર સુધીમાં ૬૪૩ લોકો ઠીક થયા છે. આપને જણાવી દઇએ કે, દેશમાં કોરોનાનાં વધતા જતા મામલાને ધ્યાનમાં રાખીને ૨૧ દિવસનું લોકડાઉન ચાલી રહ્યું છે અને તે ૧૪ એપ્રિલ સુધી રહેશે. આજે મહારાષ્ટ્રમાં ૯૨, ગુજરાતમાં ૫૪, રાજસ્થાનમાં ૧૮, કર્ણાટકમાં સાત, ઉત્તર પ્રદેશમાં છ અને ઝારખંડમાં ત્રણ નવા કેસ સામે આવ્યા છે.

દિલ્હીમાં ઈલાજ માટે ચલાવવામાં આવતા ઓપરેશન શીલ્ડથી રાજધાનીના દિલશાદ ગાર્ડનને સંક્રમણમુક્ત કરવામાં સફળતા મળી છે.

કોરોના સંક્રમિત દર્દીઓના ઈલાજ માટે પૂર્વોત્તર રેલવેએ ૫૦ કોચને આઈસોલેશન વોર્ડમાં તબદિલ કર્યા છે. ૩૮ જેટલા સામાન્ય કોચોને અને લખનઉ સ્થિત એશબાગ કોચિંગ ડિપોમાં ૧૨ સામાન્ય કોચને ફક્ત પાંચ દિવસમાં આઈસોલેશન વોર્ડમાં તબદિલ કર્યા છે.

### કોરોના

# વિશ્વમાં ૧.૨ લાખ લોકોના મોત,અમેરિકામાં ૨૪ કલાકમાં બે હજારનો ભોગ લેવાયો

*વોશિંગ્ટન/લંડન,તા.૧૧*

વિશ્વભરમાં કોરોનાના દર્દીઓ ૧૭ લાખ થઈ ગયા છે. અત્યાર સુધીમાં એક લાખ બે હજાર ૭૩૪ લોકોએ જીવ ગુમાવ્યો છે. ત્રણ લાખ ૭૬ હજાર ૩૨૫ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે. બ્રિટનમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૮૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. અહીં મૃત્યુઆંક ૯ હજાર થયો છે. મહામારીની ઈટાલી પછી સૌથી ખરાબ અસર હાલ અમેરિકામાં જોવી મળી રહી છે. અહીં કુલ પોઝિટિવ કેસ પાંચ લાખથી વધારે નોંધાયા છે. અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૪૩ લોકોના મોત થયા છે. અહીં કુલ મૃત્યુઆંક ૧૮ હજાર ૭૪૭ થયો છે. દક્ષિણ કોરિયામાં સાજા થયેલા ૯૧ દર્દીના રિપોર્ટ ફરી પોઝિટિવ આવ્યો છે.

અમેરિકાના ન્યૂયોર્ક રાજ્યએ પોઝિટિવ કેસની બાબતમાં તમામ દેશને પાછળ છોડી દીધા છે. અહીં કુલ ૧.૭૭ લાખ પોઝિટિવ કેસ અને મૃત્યુઆંક ૭ હજાર ૮૪૪ થઈ ગયો છે.

ઈટાલીમાં લોકડાઉનને ત્રણ મે સુધી લંબાવાયું છે. અહીં કોરોનાના ૧.૪૮ લાખ પોઝિટિવ કેસ અને ૧૮ હજાર ૮૪૯ લોકોના થયા છે. ઈટાલીમાં અમેરિકા કરતા ૧૦૦ મૃત્યુઆંક વધારે છે. અમેરિકામાં આજ સાંજ સુધીમાં અન્ય દેશની સરખામણીમાં સૌથી વધારે મૃત્યુઆંક થઈ જવાની આશંકા છે, કારણ કે છેલ્લા ત્રણ-ચાર દિવસથી અહીં રોજ બે હજારની આસપાસ લોકો જીવ ગુમાવી રહ્યા છે.

ઈટાલીમાં ૨૪ કલાકમાં ૫૭૦ લોકોના મોત થયા છે. પહેલા અહીં ૯ માર્ચથી ત્રણ એપ્રિલ સુધી લોકડાઉન હતું, ત્યારબાદ તેને ૧૩ એપ્રિલ સુધી કરાયું હતું અને હવે ત્રણ મે સુધી લંબાવાયું છે.

### ગૌરવની વાત

# વ્હાઈટ હાઉસે ટ્વિટર પર વડાપ્રધાન મોદીને ફોલો કર્યા

*ન્યુ દિલ્હી,તા.૧૧*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિશ્વના એકમાત્રે એવા નેતા બન્યા છે, જેઓને વ્હાઈટ હાઉસએ ટ્વિટર ઉપર ફોલો કર્યા છે. હાલમાં જ વ્હાઈટ હાઉસે વિશ્વના સૌથી શક્તિશાળી અને ચર્ચિત ૧૯ લોકોની યાદી બનાવી છે. તેમા મોદીનું નામ સામેલ છે. વ્હાઈટ હાઉસના ૨.૧૫ કરોડ ફોલોઅર્સ છે અને તે ૧૯ લોકોને ફોલો કરે છે. તેમાથી ૧૬ અમેરિકાની વ્યક્તિ છે.

વ્હાઈટ હાઉસ ભારતમાંથી માત્ર પીએમઓ (પ્રધાનમંત્રી કાર્યાલય) અને રાષ્ટ્રપતિના ટ્વિટર હેન્ડલને ફોલો કરતું હતું.હવે આ યાદીમાં મોદીનું ટ્વિટર એકાઉન્ટ ઉમેરાયું છે. મોદીનું ટ્વિટર હેન્ડલ અમેરિકાના ઉપ રાષ્ટ્રપતિ માઈક પેન્સ પછી બીજા નંબરે છે. ત્યાર પછી ભારતના પીએમઓ અને પ્રેસિડેન્ટનું ઓફિશિયલ એકાઉન્ટ છે.ટ્રમ્પના આગ્રહના લીધે પીએમ મોદીએ અમેરિકામાં કોરોના વાઈરસ સામેની લડાઈ માટે અને માનવતાના ધોરણે મેલેરિયાની દવા હાઈડ્રોક્સીક્લોરોક્વીનની નિકાસને મંજૂરી આપી હતી. ત્યાર પછી ટ્રમ્પે મોદીના વખાણ કરતા તેમનો આભાર માન્યો હતો. ત્યાર બાદ પીએમ મોદીએ કોરોના સામેની લડાઈ સાથે મળીને લડવાની વાત કરતા કહ્યું હતું કે સંકટના સમયમાં મિત્રો નજીક આવે છે.

### પંજાબના મુખ્યમંત્રી અમરિંદર સિંહનું નિવેદન

# સપ્ટેમ્બરમાં ભારતની ૫૮% વસતી કોરોનાના ભરડામાં આવે તેવી સંભાવના

*ચંડીગઢ,તા.૧૧*

કોરોના વાયરસના સંક્રમણને જોતા લોકડાઉન વધારવાને લઇ આજે મોદી સરકાર નિર્ણય લઇ શકે તેવી સંભાવના છે. ત્યારે આ બધાની વચ્ચે પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહના નેતૃત્વમાં થયેલી પંજાબ કેબિનેટની બેઠકમાં તેમણે પહેલી મે સુધી લોકડાઉન વધારવાનો નિર્ણય લીધો હતો. આ વીડિયો કોન્ફરન્સિંગ દરમ્યાન પંજાબના મુખ્યમંત્રીએ ચોંકાવનારી માહિતી આપી હતી.

જી હા તેમણે સ્વાસ્થ્ય નિષ્ણાતોની વાત ટાંકતા કહ્યું હતું કે આવનારા સમયમાં કોરોના વાયરસની સ્થિતિ વધુ ખતરનાક થઈ શકે છે. તેમણે કહ્યું કે અમારા કેટલાક સીનિયર અને ટોપ મેડિકલ ઓફિસર્સે આ અંગે ચિંતા વ્યક્ત કરી છે કે આ મહામારી સપ્ટેમ્બરના મધ્ય સુધીમાં ચરમસીમાએ પહોંચશે. આ વાયરસના કારણે દેશની ૫૮ ટકા વસતી સંક્રમિત થઇ જશે. જયારે પંજાબમાં ૮૦ ટકાથી વધુ લોકો પ્રભાવિત થશે.

તેમણે જણાવ્યું કે “અત્યાર સુધીમાં પંજાબમાં કોવિડ-૧૯ના ૧૩૨ કેસની પુષ્ટિ થઈ છે. જેમાંથી ૧૧ લોકોના મોત થયા છે. અત્યાર સુધી ભેગા કરાયેલા નમૂનાની કુલ સંખ્યા ૨૮૭૭ છે.અત્યાર સુધી અમારી પાસે ૬૫૧ લોકો છે જે દિલ્હીના નિઝામુદ્દીનથી પંજાબ આવ્યાં. અમે તેમાંથી ૬૩૬ની ભાળ મેળવી લીધી છે. ૧૫ની ભાળ મેળવવાની હજુ બાકી છે. અમે તેમને શોધી રહ્યા છીએ.

## તંત્રી સ્થાનેથી...

### શરમજનક કાર્યવાહી

સમગ્ર દેશ કોરોના સામે લડાઈ લડી રહ્યો છે, ભારતમાં સૌથી વધુ કોરોનાના કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. કોરોના સામે મહારાષ્ટ્ર સરકાર દરેક મોરચે લડાઈ લડી રહી છે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે દર બેથી ત્રણ દિવસે ટીવી પર લાઈવ આવીને મહારાષ્ટ્રના નાગરિકોને દિલાસો આપી રહ્યા છે. હિંમત બંધાવી રહ્યા છે. સરકાર આવા સમયે તમારી પડખે ઊભી છે એવી અનુભૂતિ કરાવી રહ્યા છે. કોરોના સામેની લડાઈમાં મહારાષ્ટ્રે એક નવા ઉદ્ધવ ઠાકરેને અનુભવ્યા છે, પરંતુ ઉદ્ધવની બધી મહેનત પર એક નાની ભૂલથી પાણી ફરી વળ્યું છે. ડીએચએફએલ, પીએમસી અને યસ બેંક ગોટાળામાં જેમની સામે કેસ ચાલી રહ્યા છે તે વાધવાન પરિવારના બે ભાઈઓને સરકાર દ્વારા મહાબળેશ્વર ફરવા જવા માટે આપવામાં આવેલી છૂટનો વિવાદ વકર્યો છે. વાધવાન ભાઈઓ સામે યસ બેંક ગોટાળા સંબંધે ઈડીએ ત્રણ વખત સમન્સ મોકલ્યા છે. ઈડીના નિયમ પ્રમાણે જો કોઈ ત્રણ વખત સમન્સ મોકલવા છતાં હાજર ન થાય તો તેને ભાગેડુ જાહેર કરવામાં આવે છે. વળી સીબીઆઈ પણ વાધવાન ભાઈઓની પૂછપરછ કરી રહી છે. એવામાં ગૃહ સચિવ અમિતાભ ગુપ્તાએ વાધવાન ભાઈઓને સપરિવાર પર્યટન માટે જવાની તેમ જ તેમના વાહનોને વિશેષ પરવાનગી આપતા પત્ર આપ્યા છે અને એ મીડિયામાં આવી જતાં મામલો વિવાદમાં છે. ગુપ્તા પોતે ગૃહ સચિવ છે અને સીબીઆઈ અને ઈડીએ વાધવાન ભાઈઓની સામેના બિનજામીન પાત્ર વોરન્ટ તેમ જ ભાગેડુ હોવાની વાત ખબર જ હોય, કેમ કે સીબીઆઈ અને ઈડી તમામ પત્રવ્યવહાર ગૃહ સચિવ સાથે જ કરતાં હોય છે, આથી આરોપીઓ સામે હજુ ગુનાકીય તપાસ ચાલુ છે, એ અમિતાભ ગુપ્તાને ખબર જ હોય. તેમનું કામ હતું કે આરોપીઓ વિશે માહિતી મળી કે તરત જ ઈડી યા સીબીઆઈને જાણ કરી અને તેમને બંને એજન્સીઓને સોંપવા જોઈએ તેને બદલે અમિતાભ ગુપ્તાએ આરોપીઓ ભાગેડુ છે ત્યારે તેમને વીઆઈપી ટ્રીટમેન્ટ કોના ઈશારે આપી છે એ પ્રશ્ન છે? લોકડાઉનના સમયમાં આપણે એવા કેટલાય સમાચાર જોયા છે જેમાં એકાદ પરિવારમાં કોઈનું મોત થયું હોય તો પણ તેમને મરણોત્તરવિધિ પૂરી કરવા માટે પણ બીજા સગાસંબંધીઓને ભેગા થવા દેવાની પરવાનગી આપવામાં આવી નથી, એની સામે વાધવાન ભાઈઓને સેરસપાટા કોને ઈશારે કરવા મળી રહ્યા છે? લોકડાઉન સમયે સરકારનું બેવડું વલણ લોકોની સામે આવી રહ્યું છે. જોકે મોટા ભાગે વાધવાન પરિવારનો સંબંધ રાષ્ટ્રવાદી કોંગ્રેસના કેટલાક નેતાઓ સાથે વધુ છે. સરકારમાં શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ તેમ જ કોંગ્રેસ સત્તામાં છે. અમિતાભ ગુપ્તાએ કોને ઈશારે આ કામ કર્યું છે તે શોધવાની જવાબદારી સરકારની છે. ઉદ્ધવ ઠાકરેએ અત્યાર સુધી લોકડાઉન સમયે ખૂબ સારું કામ કર્યું છે. હવે વાધવાન પ્રકરણ ઉદ્ધવને માથે એક મોટો ડાઘ સાબિત થયો છે. ઉદ્ધવ ઠાકરેએ હવે જવાબદારી લેવી પડશે અને જે લોકો આ કાંડ પાછળ સંડોવાયેલા હશે તેમને જનતા સમક્ષ લાવવા પડશે, જો એમ નહીં થાય તો આવનાર સમયમાં જ્યારે કોરોનાનો પ્રકોપ નહીંવત થઈ જશે એ સમયે શિવસેના સામે કપરો સમય સાબિત થશે. કેમ કે સમગ્ર કાંડની જવાબદારી એકલા ઉદ્ધવ ઠાકરે પર આવશે અને પોતાની જાન છોડાવવા માટે ઉદ્ધવે આ કાંડ પાછળના અધિકારીઓ, નેતાઓના નામ જાહેર કરવા જ પડશે એમાં શંકા નથી.છેં

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૨/૦૪/૨૦૨૦, રવિવાર, ચૈત્ર વદ-૫
સૂર્યોદય-૬-૨૧, સૂર્યાસ્ત-૭-૦૫, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ જ્યેષ્ઠા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૮-૦૫ થી ચલ-લાભ-અમૃત-૧૨-૪૮ સુધી, ૧૪-૨૨ થી શુભ-૧૫-૫૬ સુધી, ૧૯-૦૫ થી શુભ-અમૃત-ચલ-૨૩-૨૨ સુધી

- શુભ હોરા-
૭-૩૩ થી ૧૦-૪૨ સુધી, ૧૧-૪૫ થી ૧૨-૪૮ સુધી, ૧૪-૫૩ થી ૧૮-૦૨ સુધી ૧૯-૦૫ થી ૨૦-૦૨ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૨-૦૪-૨૦૨૦ રવિવાર

**મેષ (અ.લ.ઈ.) :-** મહત્વનો હોદ્દો મેળવવાના પ્રયત્નો ફળવાના પ્રતિષ્ઠામાં વધારો થવાનો લગ્નજીવનમાં ગેરસમજોથી દૂર રહેજો.

**વૃષભ (બ.વ.ઉ.) :-** સગાઇ લગ્નના કાર્યને લઇને પ્રવાસનો યોગ થાય નાણાકીય બાબતોને લઇને પરશાની રહે. સ્વાસ્થ્ય બાબત જાળવવું.

**મિથુન (ક.છ.ઘ.) :-** નજીકતા સગા સ્નેહીજનો સાથે સુમેળ રાખવો નવી યોજનામાં જાળવવું ભૌતિક સુખ સગવડતાઓ વધે પ્રવાસ થાય.

**કર્ક (ડ.હ.) :-** રાજકીય વ્યકિતઓ સાથે મહત્વની ચર્ચા વિચારણા થાય. લકઝરી ચીજ વસ્તુની ખરીદી પાછળ લગાવ વધવાનો.

**સિંહ (મ.ટ.) :-** નકારાત્મક વિચારોથી દૂર રહેજો. ભાઇ-બહેનો સાથે સુમેળ વધવાનો ઇલેકટ્રોનિક ચીજ વસ્તુ પાછળ ખર્ચ કરવો પડે.

**કન્યા (પ.ઠ.ણ.) :-** નોકરીમાં બદલીના ચાન્સ મિલ્કતના પ્રશ્નોમાં સાવધાની રાખવી. લગ્ન ઇચ્છુકોને સફળતા વાળો સમય.

**તુલા (ર.ત.) :-** નોકરીમાં વાતાવરણ સુમેળ ભર્યું રહેવાનું નવી ઓફર પણ આવે. લગ્નજીવનમાં ગેર સમજોથી જાળવજો.

**વૃશ્ચિક (ન.ય.) :-** આવકની સાથે ખર્ચ પણ રહેવાનો છે. લકઝરી ચીજ વસ્તુની ખરીદી થાય સ્વાસ્થ્ય બાબત સુધારો રહેવાનો.

**ધન (ભ.ધ.ફ.ઢ.) :-** રાજકારણમાં સફળતા મલવાની નકારાત્મક વિચારોથી દૂર રહેજો. નોકરીમાં બદલીની શકયતા કર્જમાં રાહત.

**મકર (ખ.જ.) :-** ખાવાપીવા બાબત તકેદારી કેળવજો લકઝરી ચીજ વસ્તુનો લગાવ વધે. કર્મચારી વર્ગની સાથે મહત્વની ચર્ચા

**કુંભ (ગ.શ.સ.) :-** આધ્યાતિમક વિચારોમાં વધારો થવાનો. યુવા વર્ગને રોમાન્સમાં સફળતા-જીવનમાં ઉત્સાહ વધવાનો મિત્રોની લાભ

**મીન (દ.ચ.ઝ.) :-** આવક વધારવાના પ્રયત્નો ફળવાના વિદેશથી લાભ રહે. શેર સટ્ટામાં નિર્ણયો મહત્વના રહે. પ્રવાસ થાય.

# કોરોનાથી બચવા આ મેસેજ વાંચી લો, સમજી લો, અમલ કરો

જીવનસુરક્ષા કવચ-લોકડાઉન ના જુન મહિના સુધી, બીજા ત્રીજા તબક્કાઓ માટે ભારતની જનતા સંકલ્પ કરે એજ દેશભક્તિ અને રાષ્ટ્રધર્મ.

×લોકડાઉન -પ્રકૃતિ પ્રકોપ સામે આત્મસુરક્ષા જીવનસુરક્ષા કવચ×

લોકડાઉન એ બંધન નથી પણ જીવન સુરક્ષા માટે એક દૈનિક જીવનશૈલી છે, આજે માણસને એક જગ્યાએ થંભી જવા રોકાય રહેવાની જરૂર પડી તેની પાછળ જૈવિક પરીવર્તન અને જૈવિક પ્રકોપ જવાબદાર છે, ૫૦-૭૫ વર્ષે થતી માનવીય અને જૈવિક ઉત્ક્રાંતિના કારણે માનવજીવન, પશુ જીવનમાં જૈવિક પરીવર્તન અને આફતો આવે છે,

ઈઝ઼િહ્ક્જૈવિક મહામારી સૌથી પહેલા માણસના શરીર ઉપર આક્રમણ કરી ચુકી છે ત્યારે શરીરને જૈવિક આક્રમણથી બચાવવા લોકડાઉન એટલે કે જાહેર જીવનશૈલીમાં પરીવર્તન કરવું ફરજીયાત બને છે,


બધા શરીરો બેકટેરિયાના જૈવિક રસાયણોથી ચાલે છે શરીરનો ખોરાક પણ બેકટેરિયા આધારિત છે સૌથી વધુ બેકટેરિયા અને વાયરસ પાચન અને શ્વસન તંત્રમાં હોય છે જેના આધારે વિવિધ રસાયણો અને તત્વોની ઉત્પતિ થતી રહે છે જે શરીરને વિટામિન્સ, પ્રોટીન્સ, ફાયબર, સ્ટાર્ચ, હેમોગ્લોબીન, ખનીજ અને ઓકસાઇડો પુરા પાડે છે

કોરોના એક વર્ણશંકર બાહુબલી વાયરસ છે જે પાચન અને શ્વસનતંત્ર ઉપર આક્રમણ કરી શરીરની ક્રિયાઓને અવરોધીને મરણ નીપજાવવા જવાબદાર છે

લોકડાઉન શા માટે છે લોકડાઉન એક શરીરથી બીજા શરીર ઉપર ચેપ કરતી, રોગ કરતી સાંકળ તોડવા અને શરીરથી શરીરને દુર રાખીને વાયરસને આગળ વધતો અટકાવવા માટે છે

શરીરમાં રહેલા લોહીમાં રોગપ્રતિકારક શકિતઓ રહેલી છે શરીરમાં લોહીનું પરીભ્રમણ પુરેપુરુ થાય તો વધુ રોગપ્રતિકારક શકિત મળશે એ માટે શરીરને પુરતી કસરત અને ખોરાકનું નિયમન ફરજીયાત કરવુ પડશે

લોહીની રોગપ્રતિકારક શકિત બીજા અનેક વાયરસો સામે રક્ષણ આપે છે પણ રોજિંદા પાચક બેકટેરિયા અને વાયરસોથી વિપરીત એવા કોરોના વાયરસ સામે રક્ષણ માટે શરીરનો બહારનો સંપર્ક



છોડવો ફરજીયાત બની જાય છે

શરીરમાં સૌથી વધુ વાયરસો અને બેકટેરિયા આંતરડા, ફેફસા અને ગળામાં થતાં હોય છે જેથી વાયરલ ઈન્ફેક્શનથી બચવા સૌથી પહેલા આંતરડાનો ખોરાક અને મળ સાફ કરી આંતરડા ચોખ્ખા- શુદ્ધ કરવા ફરજીયાત બને છે આંતરડાઓ સાફ કરવા ઉપવાસ, ગરમ હુંફાળુ પાણી, ત્રિફળા, જેવા પરંપરાગત ઉપચારો છે

મીઠું એવું તત્વ છે જેમાં બેકટેરિયા અને વાયરસ રહી શકતા નથી, મીઠાથી દાંત મોઢું નિયમિત સાફ કરવું, હળદરના ઉપયોગથી ગળાનો કફ કાઢવો અને સાદો ખોરાક તેમજ મીઠાવાળા ગરમ પાણીના ઉપયોગથી આંતરડાનો મળ કાઢવાથી શરીરને બેકટેરિયા અને વાયરસથી ઘણુ રક્ષણ મળી શકે છે,

લવીંગ અને આદુનો ઉકાળો શરીરમાં રહેલા બેકટેરીયા અને બેક્ટેરિયા મારફત પ્રજનન કરતા વાયરસ સામે રક્ષણ આપે છે માટે વાયરસ મહામારીના રક્ષણ માટે દિવસમાં એક કપ લવીંગ, આદુનો ઉકાળો પીવો હિતાવહ છે

દિવસમાં બે વાર ગળાના કફને દુર કરવા માટે ઉજયી પ્રણાયામ, પેટના આંતરડાને કસરત આપવા કપાલભાતી પ્રણાયામ અને ફેફસાને સાફ કરવા તેમજ શરીરના રૂધિરાભિસરણને કસરત આપવા ભસ્તીકા પ્રાણાયમ કરવા ખુબ મહત્વનુ છે,

મીઠાવાળા ગરમ પાણીના પાંચ છ ગ્લાસ પીવાથી આંતરડા સાફ થાય એટલે બેકટેરીયા નીકળી જાય છે આંતરડાની ચિકાશ દુર કરવા મીઠાવાળુ લીંબુ પાણી પીવાથી પેટનો ગેસ નીકળી જશે અને આંતરડા સાફ થવાથી વાયરસને પ્રજનનની સુવિધા મળશે નહી તો વાયરસથી રક્ષણ મળી શકશે

ફટકડીવાળા પાણીમાં બેકટેરિયા થતા નથી તેમજ મીઠામાં થતા નથી, મીઠા વાળા પાણીમાં કપડા ધોવા, પોતા કરવા, વાસણો ધોવાથી બેકટેરિયા અને વાયરસથી બચી શકાય છે,

આંતરડામાં મળ અને ખોરાક ભરાય ના રહે તે માટે લોકડાઉન દરમિયાન દિવસમાં બે વાર શરીરના એક એક સાંધાઓના સ્નાયુઓ છુટા પડે તે રીતે ધીમી કસરતો કરતા રહેવું મહત્વનું છે

શરીરમાં બેકટેરિયા વધે નહીં તો વાયરસને પ્રજનન કરવાની સગવડ મળશે નહીં તેથી લાળ, કફ, મળ એકઠો થાય નહીં અથવા કફ અને મળ ભરાય નહી તે માટે વધુ બેકટેરિયા ઉત્પન્ન કરતો ખોરાક સંદતર બંધ કરી ખોરાકમાં થોડો ઘટાડો કરવો પડશે

દુધ, દહીં, માખણ, મેંદાની ચીજો, તળેલી વાનગીઓ જેવી કે વેફર, ભજીયા, ગાઠીયા, પુરી, સમોસા જેવી બીજી તમામ વાનગીઓથી આંતરડા અને જઠરમાં બનતી ચીકાશ અને કફ બનતા રોકવા મુળભુત જરૂરિયાત છે

લોકડાઉનનો સમય જીવનશૈલીમાં મુળભુત પરીવર્તન કરવાનો, ખોરાકમાં પાયાના ફેરફાર કરવાનો પ્રાકૃતિક સમય ગણાય છે,વર્ણશંકર વાયરસોની એક નવી પ્રજાતીઓ અસ્તિત્વમાં આવી છે તેની સામે કાયમી રક્ષણ મેળવવા ખોરાક અને જીવનશૈલી બદલવી પડશે,

ગળામાં થતો કફ વાયરલ ચેપ માટે ખુબ ઘાતક બને છે નાકમાં થતી લીટ એટલે કે લાળ અને ગળાના કફમાં વાયરસ અને બેકટેરિયા પ્રવેશ કરીને ધીરે ધીરે આંતરડામાં વસાહતો ઉભી કરી ધીરે ધીરે આખા શરીર ફેલાતા રહે છે જેથી ગળામાં, નાકમાં, મોઢામાં લાળ અને કફ ના થાય એ માટે ખુબ સાવચેત રહેવું બધા માટે જરૂરી બની ગયું છે

વિશ્વમાં ફેલાયેલી મહામારીના પરીણામો જોઈને ભારત સરકારે લોકડાઉન કરીને વિશાળ માનવ સમુદાયને જીવનસુરક્ષા કવચમાં આવરીને બચાવવા ધનિષ્ઠ પ્રયત્નો કર્યા છે,

કોરોના વાયરસ નવા શરીરો, નવા નવા વાતાવરણમાં, જુદા જુદા તાપમાનમાં ગોઠવાયને થોડા થોડા દિવસોના અંતરે ગોઠવાયને વિકાસ પામી રહ્યો છે ઠંઠા ગરમ હવામાનમાં સેટ થવામાં વાયરસને ૨૦ થી ૨૨ દિવસનો સમય લાગે છે તેની સાથે સાથે જુદા જુદા ખોરાકની રોગપ્રતિકારક શકિતઓ સામે લડી લડીને વૃદ્ધિ કરવા ત્રણ તબક્કાવાર જૈવિક સંક્રમણ થાય છે

શરીર વિજ્ઞાન અને જૈવિક વિજ્ઞાન પ્રમાણે શરીરમાં નક્કી કરેલા ત્રણ તબક્કે જીવનસુરક્ષા કવચ લોકડાઉન નું પાલન કરવાથી વાયરસના પ્રકોપ સામે રક્ષણ મેળવી શકાય છે

શરીરના બહારના કોઇપણ ભાગ, ચામડી, કપડાં, ચીજ વસ્તુઓ ઉપર જાણતા અજાણતા અદ્રશ્ય રીતે ચોંટેલા વાયરસ દેખાતા નથી પણ ધીરે ધીરે શરીરમાં પ્રવેશી જાય છે

એક શરીર બીજા શરીરને સ્પર્શે, ચીજ વસ્તુઓના વપરાશ થાય, કપડાંઓ કે બીજી કોઇપણ જગ્યાએથી આવી જતો વાયરસ ૨૦-૨૨ દિવસ સુધી ચેપ લાગ્યો છે તે ખબર પડતી નથી આ વાયરસનો પહેલો તબક્કો છે

બીજા તબક્કામાં વાયરસ શરીરના કફ, લાળ, મળ, આંતરડા, ફેફસામાં પ્રજનન એટલે કે વૃદ્ધિ કરે છે બીજા ગાળાના ૨૦-૨૨ દિવસ વાયરસ શરીરમાં ફેલાય છે તેમજ ઉચ્છશ્વાસ દ્વારા બીજા શરીરમાં જાય છે

ત્રીજા તબક્કે વાયરસ શરીરના શ્વસન તંત્ર અને રૂધિરાભિસરણ તંત્ર ઉપર સંક્રમણ કરીને શરીરની કામગીરીઓ ખોરવી નાખે છે

ત્રણ તબક્કા શરીરની અંદર થતી વાયરસની પ્રક્રિયા અને વૃદ્ધિના છે પણ બહાર એવી રીતે ત્રણ તબક્કે વાયરસનો ચેપ પણ ફેલાય છે એક માણસને લાગેલો ચેપ તેના શરીરના બીજા તબક્કામાં બીજા ૨૦ થી ૨૦૦ લોકોને લાગે છે અને ત્રીજા તબક્કામાં સરેરાશ ઓછો વધતો ચેપ બીજા ૨૦૦૦ થી ૧૦,૦૦૦ લોકો સુધી ફેલાય શકે છે

વાયરસનો બહારનો પ્રથમ તબક્કાનો ચેપ ફેલાતો રોકવા ૨૦-૨૨ દિવસ શરીરને લોકડાઉન કરવુ પડે છે તે પછી બીજા તબક્કાના ચેપને રોકવા ફરી ૨૦-૨૨ દિવસ માટે અને ત્રીજા તબક્કે કડક રીતે વધુ ૨૨ થી ૨૫ દિવસ લોકડાઉન કરીને જીવનસુરક્ષા કરવાની હોય છે,જૈવિક પ્રકોપ સામેની લડતનો પ્રથમ લોકડાઉન તબક્કો પુરો થતાં બે પાંચ દિવસ જીવનજરૂરી વ્યવસ્થા કાળજીપૂર્વક કર્યા બાદ ફરી બીજા તબકકાનુ લોકડાઉન કરીશું અને તે પછી ફરી જીવનજરૂરી વ્યવસ્થા બનાવીને ત્રીજા તબક્કાનું લોકડાઉન પાળીને આપણા પોતાના, પરીવારના સ્નેહીજનોના અને સમાજના કરોડો લોકોના જીવનની સુરક્ષા માટે સૌ સંકલ્પ કરીશું

## ડિપ્લોમા પ્રીમિયર લીગ – DPL

# ગુજરાતમાં સૌપ્રથમ G.T.U સંલગ્ન ડિપ્લોમા એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓની ક્રિકેટ ટુર્નામેન્ટ DPL-T10 ટેનિસ બોલ પર..

આધુનિક જમાનામાં ખેલકૂદ નું વિશેષ મહત્વ છે. ખેલકૂદ નું મહત્વ પ્રાચીન કાળથી જ ચાલ્યું આવે છે. અને રમતો એ માનવ જીવનને સ્વસ્થ રાખવાનું ભગીરથ કાર્ય કરે છે. આમ ખેલકૂદ ને ધ્યાનમાં રાખતા શ્રીસ્વામિનારાયણ પોલીટેકનિક દ્વારા ગુજરાતમાં સૌ પ્રથમ વખત G.T.U સંલગ્ન ડિપ્લોમા ઇજનેરી કોલેજની ક્રિકેટ ટુર્નામેન્ટ DPL-T10નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં G.T.U સંલગ્ન ડિપ્લોમા ઇજનેરીની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનું ઉદ્દઘાટન સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અક્ષરપ્રકાશ સ્વામી, સંસ્થાના ડાયરેકટર શ્રી ધર્મેશ વંડરા, સંસ્થાના પ્રિન્સિપાલ શ્રી હિતેશ વંડરા, સંસ્થાના એકેડમિક ડાયરેકટર શ્રી ભાવિક



શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. જેનો પ્રથમ ક્રિકેટ મેચ દાલીયા ઈન્સટિટ્યૂટ ઓફ ડિપ્લોમા સ્ટ ડીસ કોલેજ અને આલ્ફા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી કોલેજ ના વિદ્યાર્થીઓ વચ્ચે રમવામાં આવી હતી.

જેમાં આલ્ફા કોલેજના વિદ્યાર્થીઓ એ પ્રથમ મેચ જીતી હતી. જેમાં કુશલ પટેલ એ મેન ઓફ ધી મેચ ની ટ્રોફી અને ઈનામ જીત્યાં હતા. સાથે જ બીજી મેચ ઈમેજ એન્જીનીયીંગ એન્ડ ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટ અને સ્વામિનારાયણ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, સૈજ કોલેજ ના વિદ્યાર્થીઓ વચ્ચે રમવામાં આવી હતી. જેમાં કથન પટેલ એ મેન ઓફ ધી મેચ ની ટ્રોફી અને ઈનામ જીત્યાં હતા.

શ્રી સ્વામિનારાયણ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી માં આવેલા ગ્રીન લોન કેમ્પસ માં આ મેચો નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ આનંદ કર્યો હતો અને ખેલ દિલી પૂર્વક ક્રિકેટ રમી હતી.



Hearty congratulations...charter President of Lns.Club Golf Of CAMBAY Ln.Devanbhai Vyas...as Designated Zone Chairman fro upcoming 2020-21.......News of Gandhinagar daily fmly..



પોલ્યૂશન કંટ્રોલ કરવા માટે દેશ ની સર્વોચ્ચ સંસ્થા NGT મોખરે છે, વિશ્વભર માં સાડી અને કોટન પ્રિન્ટિંગ માં નામના ધરાવનાર જેતપુર માં કલર અને કેમિકલ નું પ્રદુશન ચર્મ સીમા ઉપર છે ત્યારે NGT એ આ પ્રદુશન ને રોકવા માટે કરમ કસી છે જેને લઈ ને જેતપુર ન આ ૧૩૦ જેટલા કારખાના ઓ ને પ્રદુષણ ફેલાવા માટે નોટિસ બજાવી હતી અને તેના માટે ૯૦ દિવસ નો સમય આપ્યો હતો જે મુજબ NGT ના આદેશ અનુસાર ડેપ્યુટી કલેકટર દ્વારા આ નોટિસ અંતર્ગત કાર્યવાહી શરૂ કરવા માં આવેલ છે અને તમામ ૧૩૦ જેટલા કારખાના ઓ ઉપર પ્રદુષણ ફેલાવવા માટે કંપનસેશન અને દંડ સહિત ની કાર્યવાહી ની શરૂ કરવા મા આવી હતી જે મુજબ આ તમામ પ્રદુષણ ફેલાવતા ૧૩૦ કારખાના માલિકો ને ડેપ્યુટી કલેકટર દ્વારા તેવો ન કેસ ને સાભળવા માં આવ્યા હતા અને આગળ ૧૫ દિવસ સમય દેવામાં આવ્યો છે, ૧૩૦ જેટલા કારખાના ઓ માં ૫૦ કારખાના ઓ ને પહેલા થી જ ક્લોઝર હતું અને તેની સમીક્ષા બાદ ક્લોઝર રેવૉકેશન કરવા માં આવેલ હતું, અને આ કારખાના ફરી ચાલુ છે, જો આ કારખાના ઓ ને ફરી થી ક્લોઝર આપવા માં આવે તો અંદાજિત ૫૦ હજાર જેટલા કારીગરો આ ધંધા સાથે જોડાયેલ છે તેવો બેકાર થવા ની શક્યતા છે

હરેશ ભાલીયા જેતપુર

## કોરોના ઈમ્પેક્ટ

# જાપાન ચીનમાંથી તેની કંપનીઓને પાછી લાવવા માટે ૨.૨ બિલિયન ડોલરનો ખર્ચ કરશે



જાપાનના વડાપ્રધાન શિન્ઝો આબેએ સ્થાનિક કંપનીઓને બચાવવા માટે ૧૦૮.૨ ટ્રીલિયન યેનનું (૯૯૩ બિલિયન ડોલર)નું પેકેજ જાહેર કર્યું છે. તે જાપાનના આર્થિક ઉત્પાદનની વીસ ટકા જેટલી રકમ છે. તેમાંથી ૨.૨ બિલિયન ડોલરનો ખર્ચો તેમની કંપનીઓનું ઉત્પાદન ચીનથી ખસેડવા માટે ઉપયોગમાં લેવામાં આવશે. બાકીની રકમ કંપનીઓને અન્ય દેશોમાં ઉત્પાદન ચાલુ કરવા માટે ઉપયોગમાં લેવાશે. આ નિર્ણયથી ચીનમાં મોટી સંખ્યામાં નોકરીઓ ઘટી જશે.

સામાન્ય પરિસ્થિતિમાં ચીન જાપાનનો સૌથી મોટું ટ્રેડીંગ પાર્ટનર છે. જોકે કોરોનાવાયરસના કારણે ચીનમાંથી નિકાસની ટકાવારી ૫૦ ટકા જેટલી ઘટી ગઇ છે. તેના લીધે જાપાનમાં જરૂરી સામગ્રીની ખોટ ઉભી થઇ છે. ચીન ૧૪૮ બિલિયન ડોલરની સામગ્રી જાપાનમાં નિકાસ કરે છે. આ મહિને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ જાપાનની મુલાકાતે જવાના હતા. જોકે એક મહિના પહેલા તે મુલાકાત કોરોનાવાયરસના કારણે મુલતવી રાખવામાં આવી હતી. એક દાયકામાં આ પ્રથમ પ્રકારની બન્ને દેશના પ્રધાનો વચ્ચે મુલાકાત યોજાવાની હતી. હજુ સુધી આ મુલાકાત અંગે કોઇ નવી તારીખ જાહેર કરવામાં આવી નથી.

# ન્યુઝ ઓફ ગાંધીનગર.સાહિત્યિક સ્પર્ધા ના ગદ્ય,પદ્ય પરિણામ.... અહેવાલ : જિજ્ઞા કપુરીયા

સર્વ શ્રેષ્ઠ કૃતિ

શીર્ષક-બાળપણની મોજ

પાછા જઈએ,ચાલોને એ કમાલનાં દિવસોમાં;
કેવી રમતો રમતાં!ધાંધલ-ધમાલનાં દિવસોમાં.
શતદલ થઈને ઉરે ભરાયેલી વાતો કેવી ગુંજે!
અંતર ભર્યું છલકાય,સૂરતાલનાં દિવસોમાં.
દિલી સંબંધોનાં સગપણ નથી વિસરાયા;
એવી શાતા ક્યાં રહી આજકાલનાં દિવસોમાં.
ખૂબ મોજ કરેલી,આત્મીયતાની રસપ્રદ વાતો;
આભે ઉડી પાંખ ફેલાવી ખયાલનાં દિવસોમાં.
કલ્પનાની પાંખે ઉડે ગુલાલ ને પગદંડી ફૂટે;
થનગનતાં ઉરે ઉઠતાં એ સવાલનાં દિવસોમાં.
જીવાતા જીવનની માથાકૂટમાં મોટા થઈ ગયાં;
જઈએ..બાળપણનાં હાલચાલનાં દિવસોમાં.

અરુણાબેન ત્રિવેદી વઢવાણસિટી

ગદ્ય વિભાગ

શીર્ષક આઉટ

×રાહુલ, રાજુ હવે ઘરમાં આવવું છે કે પછી ધબ્બા ખાઈને જ માનશો?× અતિશય અકળામણથી વિરાલિએ ચાલીની જાળીમાંથી રાડ પાડી.

કાલે ધુળેટી છે અને સુરેશે કેટલી બધી ફરમાઈશ કરી છે. ×વિરુ આ બનાવજે, સુમીને બહુ ભાવે છે નહીં? અરે તારા હાથનો બનાવેલો માંડવીપાક એની તો સુમી દિવાની છે નહીં? સુમી આ ને સુમી તે×

જોકે પોતાના પિયરીયાને આટલા ભાવથી રાખતા સુરેશ પર વિરાલીને ઘણું માન હતું પણ, હમણાંથી, ના ઘણાં સમયથી એ જોતી હતી કે સુરેશ સુમીને વધારે પડતું સાચવતા હતા. એને ક્યાંય જવું હોય કોઈ પ્રોગ્રામ હોય કોલેજમાં તો પણ સુરેશ હાજર રહે. ઘણી વાર એના મનમાં ઘણાં બધાં વિચારો આવતા પણ એ બધા વિચારોને ખંખેરી નાખતી પણ આજે સવારે! આમ તો એને આદત ન હતી સુરેશનો મોબાઈલ જોવાની અને સુરેશ પણ ક્યાં એનો મોબાઈલ રેઢો મુકતા! આ તો આજે કદાચ ભૂલથી રહી ગયો હશે બહાર નહીંતર એ તો બાથરૂમમાં પણ મોબાઈલ સાથે લઈને જ જતાં.

×અરે, આ તો સુમીના મેસેજ છે. ઓહ, તો મારી શંકા ખોટી નથી. આ બંને એ મારા વિશ્વાસનો આવો બદલો દીધો? સુરેશ એ પણ ભુલી ગયા કે એ મારા પતિ છે! બે છોકરાના બાપ છે અને સુમી! સાવ અક્કલ વગરનીપ આખીઆખી દુનિયામાં તને મારો જ ધણી મળ્યો? સગી બહેનનું ઘર ઉજાળવા બેઠી ભુંડી?× અને ત્યારનું વિરાલીનું મન ઉચાટમાં હતું. આ તો 'થાપાનું ગુમડું' કોને દેખાડવું? કોને કહેવું?

હજી સુધી રાહુલ અને રાજુ ઘરમાં આવ્યાં ન હતાં.

એ શેરીમાં દોડી ગઈ. બંને છોકરાઓ ભાઈબંધ સાથે લખોટી રમવામાં મશગુલ હતાં. ગુસ્સામાં આવેલી વિરાલી થોડીવાર એ બંનેને રમતાં જોઈ રહી.

સરસ હારબંધ ઉપર નીચે ત્રણ લાઈનમાં ગોઠવેલી લખોટી માંથી એક ને આંટી દો એટલે બાજી જીતી ગયા.

ત્યાં જ રાહુલ બોલ્યો ×જો જે મમ્મી, તું બરાબર જો જે આ મારો દાણિયો છે ને એ મને બાજી જીતાડી દેશે× એમ કરીને એક શેડારી લખોટીને ચૂમતા એણે ઘા કર્યો અને ટપ કરતી એ હારમાં ગોઠવાયેલી લખોટીમાંથી એક લખોટી આઘી થઈ ગઈ. જીતેલી બધી લખોટીને ગજવામાં ભરતા બંને ભાઈઓ ઘરે આવી ગયાં.

વિરાલી પાછી વિચારતી થઈ ગઈ કે હા એક લખોટીને આઉટ કરી દો એટલે બાજી આપણે જીતી ગયાં

એણે તરત જ એની મમ્મીને ફોન કરીને પોતાના ઘરે આવવાની ના પાડી દીધી અને કહ્યું કે સુમી હવે પરણવા લાયક થઈ ગઈ છે, તો એનું ગોતવાની શરૂઆત કરી દો.

પછી બંને દિકરાને તૈયાર કરીને હોળીના દર્શન કરવા માટે નિકળી ગઈ.

દક્ષા દવે રંજન

શીર્ષક : સાચી સમજણ

× મમ્મી મારે વીર પાસે છે તેવી જ રીમોટ વાળી કાર જોઈએ છે . ×

×પણ બેટા તારી પાસે ઓલરેડી રીમોટ વાળી ચાર કાર્ડ છે .×

× પણ મને વીર જેવી જ જોઈએ છે .×

× પણ બેટા ×

× પ્લીઝ ,પ્લીઝ ,પ્લીઝ...×

× ઓકે ×

× યસ ×કહી હરિ ખુશ થતો થતો જતો રહ્યો .

પણ તેના ગયા પછી ભક્તિ વિચારમાં પડી ગઈ .તેને હરિની ડિમાન્ડ વધી ગઇ છે તેની બીક લાગી રહી હતી અને સાથે જ તે જિદ્દી ન બની જાય તે પણ . તેણે ખૂબ મનોમંથન કર્યું . તે જાણતી હતી કે શ્રીમંતાઈ ભલે વારસામાં મળી છે પણ સંસ્કાર તો તેણે જ સિંચવા પડશે . તે ઈચ્છતી હતી કે હરિ પૈસાની કદર કરે , જીવનના બીજા પહેલું × અભાવ ×થી પરિચિત થાય . તેને મનોમન કંઈક નક્કી કર્યું .

બીજા દિવસે હવે એને લઈ મોલમાં ગઈ . હરીને મનગમતી કાર તથા બીજા જે રમકડા ગમે તે બધા જ અપાવી તેને લઈ ઘરથી અલગ દિશામાં કાર ઉપાડી . હરિ રમકડાની ખુશીમાં મસ્ત હતો તેથી તેને ખબર જ નહોતી કે કાર કઈ બાજુ જઈ રહી છે . થોડીક જ વારમાં કાર એક ઝૂંપડપટ્ટી વિસ્તારમાં આવી ઉભી રહી .

× હરિ , હું શારદામાસીના ઘરે જઈને આવી . ×

× કેમ ? ×

× તે થોડા બીમાર છે તેમને થોડી જરૂર હોય તો મદદ કરી આવું . ×

× કેમ આપણે મદદ કરવાની ? ×

× બેટા એ લોકો ગરીબ છે તેમની પાસે પૈસા તથા જરૂરિયાતની પૂર્તિ વસ્તુઓ ના હોય . ×

× તો મમ્મી એ લોકો તો કાયમ દુઃખી જ રહેતા હશે ને ?×

× ના બેટા પૈસાથી કે વસ્તુઓથી જ ખુશી મળે છે એવું નથી. એ તો નાની-નાની વાતોથી પણ મળે છે .જો પેલા નાના બાળકો , એમની પાસે તારા જેવા મોંઘા રમકડા નથી તો પણ કેટલા ખુશ દેખાય છે ! ×

આટલું કહેતાં ભક્તિ શારદાબેન ના ઘરે જવા નીકળી ગઈ . પણ હરિની નજર તો હજી પેલાં રમતા બાળકો પર જ હતી . ફાટેલા અને મેલાઘેલા કપડા , મેલું શરીર , પણ ચહેરા પર દેખાતી અદમ્ય ખુશી . કેટલાક બાળકો તૂટેલા ટાયરથી રમી રહ્યા હતા , તો કેટલાક બાળકો લખોટી રમી રહ્યા હતા , એકબાજુ કેટલીક કુંડાળાની રમત રમી રહી હતી . કેટલા ખુશ દેખાતા હતા બધા ! એના પગ આપોઆપ જ નદી પર્વત રમતા બાળકો તરફ જવા લાગ્યા .

×નદી જોઈએ કે પર્વત ?× × પર્વત ×

× અરે કેટલી મજાની રમત છે ! ×

એને મજા પડી .

તે લખોટી રમતા બાળકો બાજુ આવી ઊભો ઊભો જોવા માંડ્યો . તેને હવે ગમવા લાગ્યું .

એટલામાં ભક્તિ નો અવાજ સંભળાયો ,

× હરી ચાલ બેટા . ×

હરિ પરાણે પાછો વળ્યો . તેણે ભક્તિને કહ્યું ,

×મામ્મા , એક વાત કહું ? ×

× હમમ ×

× મમ્મા હું મારા રમકડા આ લોકોને આપી દઉં ? એમને બિચારાને કોણ લઈ આપે ? અને મમ્મા સાચે કહું આવા રમકડા ના હોય તો પણ રમવાની મજા તો આવે જ ને ! હેને મમ્મી ? ×

× હા બેટા ! ચોક્કસ આપી આવ અને હા બેટા રમવાની ખરી મજા તો રમકડા ના હોય ત્યારે પણ આવે . રમવાની ખરી મજા રમકડામાં ક્યારેય નથી હોતી .

× હા મમ્મી .×

અને હરિએ જીદ કરી મેળવેલા રમકડા સ્વેચ્છાએ તે બાળકોમાં વહેંચી અનેરો આનંદ મેળવ્યો .

? દીક્ષા પંડ્યા જલ્પેશ પટેલ , ડાકોર

શીર્ષક : છેલ્લો પડઘો...

રામજી આજે દસ દિવસે બોર,આમલી, કેરી..જેવી આથેલી વસ્તુ ઓ ની લારી લઈ બહાર નીકળ્યો...કોરોના વાયરસ ના ફેલાવાથી સરકારે બધું બંધ કરી દીધેલું... સેવા કરનારી સંસ્થાઓ ખાવાનું આપવા આવતી.. પણ બે દિવસથી કોઈ કઈ આપવા આવી નહોતું. ઘરમાં બચાવેલું હતું એ બધું વપરાઈ ગયું..તેની પત્નિ એ કહ્યું, એવામાં તમે ક્યાં જશો ?? પોલીસો ની ગાડીઓ ફરે છે..લોકો ને મારે છે...

રામજી બોલ્યો..હા... હું જઈશ..મારાથી આપણી દીકરીના આંસુ નથી જોવાતા..

રામજી ને તેની પત્નિ..પાંચ વરસની તેમની ગુડિ યા...

ગુ ડિયા તેના જેવા બીજા નાના બાળકો સાથે માટીમાં રમતી હતી..

રોજ લારી ફેરવી ને રોજ કમાવાનું ને રોજ લાવી ને ખાવાનું...નદીને કિનારે ઝૂંપડી બાંધીને રહેતા..રામજીની પત્નિ ફરવા આવતા લોકો ને બોર,આમલી, ખતુમડા, કેરી..આથી ને વેચવા બેસતી..

સાંજ પડે લારી ના વકરા માંથી ત્રણ જણ નું ખાવાનું બનતું...

દીકરી માટે રોજ દૂધ લાવવા પૈસા બચાવતા..

પણ દસ દિવસથી દીકરી ના દૂધ માટેનું રુદન રામજી થી નહિ જોવાયું...

આજે લોક ડાઉન એટલે શું ??

એ ખબર ન્હોતી...બસ એટલું સમજતા કે સરકારે બધું બંધ કર્યું છે...માણસો ઘરમાં કેદ ને મંદિર માં ભગવાન પણ કેદ...

આજે દીકરી એ કહ્યું,...બાપુ..દૂધ લાવી ધો ને...ભૂખ લાગી છે...

ને રામજી લારી લઈને નીકળ્યો..જે થાય તે.. આજે તો દીકરી માટે દૂધ લાવીશ જ..ગલીઓમાં જઈ રડતો રડતો ધીમે થી બૂમો પાડતો જતો હતો...

એક ગલી માં કેટલાક છોકરાઓ એ આમલી ને કેરી લીધી...પૈસા આપ્યા...

રામજી ખુશ થતો બીજી ગલી મા ગયો..ત્યાં પણ ૧૦ રૂપિયા મળ્યા...

એટલા માં પોલીસ ની જીપ ની સાયરન વાગી... એ એક ખૂણા માં લારી લઈ છુપાઈ ગયો...પોલીસ ની જીપ ગયી...ને બહાર નીકળ્યો...નદી તરફ ઝૂપડા પાસે ના દૂધની દુકાન ખુલ્લી જોઈ ..એક નાની થેલી દૂધની લીધી...ઝડપથી ઝૂંપડા તરફ જવા લાગ્યો..રોડ ક્રોસ કરી સામે જ ઝૂંપડું હતું... એ રોડ પર આવ્યો ને...એક પોલીસ ની જીપ આવી...પોલીસ નીચે ઉતરી ને રામજી ને મારવા લાગ્યા....

રામજી બૂમો પાડતો હતો...સાહેબ..મારી દીકરી ભૂખી છે..પણ...

લારી નો સમાન ફેંકાઈ ગયો...માર ખાતા ખાતા પણ રામજી એ દૂધ ની થેલી હાથમાં મજબૂત પકડી રાખી...એના કાનમાં દીકરીના અવાજ નો પડઘો સંભળાતો હતો...બાપુ...ભૂખ લાગી છે....ને

જેમતેમ રોડ ક્રોસ કરી ઝૂપડા તરફ ભાગ્યો...પોલીસ જતી રહી..રામજી ઘસાડતો ઘસાડાતો ઝૂંપડા પાસે આવ્યો...એની પત્ની રામજી તરફ દોડી..લોહી લુહાણ રામજીના હાથમાં દૂધ ની થેલી હતી...

રામજી એ દીકરીને બોલાવી... ગુડિ યા...

ને ગુ ડિયા દોડતી આવી .રામજી ની પત્ની એ દૂધ પવાલામાં ખાલી કર્યું....ને દીકરી ને પીવડાવ્યું...રામજી દીકરી ને દૂધ પીતી જોઈ રહ્યો.....જોઈ રહ્યો.. ને એની પત્ની એ હૈયાફાટ રુદન થી રામજીની આંખો બંધ કરી. ને...બાપુ...એક છેલ્લો પડઘો રામજીના કાનમાં અથડાઈ ને હંમેશ માટે શમી ગયો....

રીટા મેકવાન ×પલ×

પદ્ય વિભાગ

શીર્ષક બાળસખા

એકવાર મારે બાળપણમાં પાછા ફરવું છે,
મારા એ બાળસખાને
મળવું છે.
મારે એમની સાથે રમવું છે,
એ આટાપાટા એ પકડાપકડી,
એ પાંચિકા અને એ કોડી,
કાગળની એ હોડી પાછી તરતી મૂકવી છે.
મારે એમની સાથે લડવું છે,
કીટ્ટા બૂચ્ચા કરવું છે,
ઝઘડવુ છે અને પછી બધું ભૂલી જઈને રમવું છે.
જ્યાં નથી રાગ દ્વેષ,
નથી ગરીબ તવંગરના ભેદ,
છે નિર્દોષતા ને સ્નેહ,
વિતેલી એ પળોમાં ફરી જીવવું છે,
ફરી એ બાળસખાને મળવું છે.

રૂપલ શાહ

શીર્ષક× હવે શું? ×

આજે ફરી બાળપણમાં જવાનું મન થયું,
હવે શું ? આંખના પલકારામાં વીતી ગયું.
જે રમકડામાં વસતી દુનિયા અમારી,
ગણતરીના દિવસોમાં તો પસાર થઈ ગયું.
રમકડાંનો એ રસોડાના વાસણનો સેટ
હવે શું? એ તો શોકેસમાં ગોઠવાઈ ગયું.
બધાના લાડ અને બધાના સ્નેહ
સમય સાથે બદલાતા ગયા.
આજની આ વ્યસ્ત જિંદગીનું
હવે શું? ઘડિયાળના કાંટે ગોઠવાઈ ગયું.
ટેકનોલોજીના આ અદ્યતન યુગમાં
માણસ માણસ થી વિમુખ થતો ગયો,
એન્ડ્રોઈડ ફોન અને ઈમેઈલ નું
હવે શું? સબંધોની સાચી ખુશી એ છીનવી ગયું.

જીલ ત્રિવેદી

શીર્ષક :- બાળપણ ની એ વેળા....

બાળપણની એ યાદો ફરી એકવાર જીવવી છે મારે,
જયાં હતા સૌ સાચા સંગાથી, એ વેળા ફરી જીવવી છે મારે.
જયાં એક પળ માં થતાં અબોલા, બીજી પળે થતાં સૌ ભેળાં,
કીટ્ટા-બીચ્ચાની એ વહાલી રમત ફરી રમવી છે મારે.
દર્શને છેલ્લે રહીને, પ્રસાદી લેવા સૌથી આગળ રહેતા,
ભોળાનાથની એ ભોળી બાળ ભક્તિ ફરી કરવી છે મારે.
ધીંગા-મસ્તીને નાચ-કૂદ, વાંદરા ની જેમ એ હૂપાહૂપ,
હિંચકા, લસર પટ્ટીની રમત ફરી માણવી છે મારે.
જયાં હસતાં હસતાં થતી સવાર, ને થાકીને થતી સાંજ,
ભણતર ના ભાર વિનાની શાળા, ફરી શોધવી છે મારે.

આરતી રામાણી ×એન્જલ×....જેતપુર

# એક સનદી અધીકારી ની વાત કરવી છે જે છેલ્લા ૧૦ દિવસ થી ૨૦ કલાક કામ કરે છે

કોરોના નો કહેર ચાલે છે. પ્રધાનમંત્રી થી પંચાયત કલેક્ટર થી ક્લાર્ક .પ્રેસિડેન્ટ થી પ્રજા સહુ કોરોના થી ચિંતિત છે . સાથે મારે એક એવા એક સનદી અધીકારી ની વાત કરવી છે જે છેલ્લા ૧૦ દિવસ થી ૨૦ કલાક કામ કરે છે.



હા એ અધિકારી એટલે ગુજરાત ના આરોગ્ય સચિવ જયંતિ રવિ મેડમ ( IAS) સ્વભાવે સરળ સહજ .ભ્રષ્ટાચાર નો દાગ નહી કડક વહીવટ કરતા જયંતિ રવિ જી મદ્રાસ યુનિવર્સિટી થી અભ્યાસ લઈ હાવર્ડ યુનિવર્સિટી મા PHD કર્યુ છે. I A S માં ગુજરાત કેડર ના અધિકારી હંમેશા ગુજરાત માં ગમેતેવી પરિસ્થિતિ માં કામ કરેલ છે ૨૦૦૨ સમયે પંચમહાલ કલેક્ટર હતા . એ સિવાય શિક્ષણ. ગ્રામવિકાસ પ્રધાનમંત્રી કાર્યાલય જેવા મહત્વ ના વિભાગો તેમનું યોગદાન છે. રવિ મેમ સારા વહીવટ કરતા કડક અધીકારી ની છાપ વચ્ચે. હૃદય ના એટલા જ પ્રેમાળ છે.રવિ મેમ ૧૧ ભાષા ઓ જાણે છે.સંસ્કૃત માં ઘણા પુસ્તકો લખ્યા છે.નવાઈ લાગે તેવી વાત મેમ ખૂબ સારા ગુજરાતી ભજન ગાય છે. મેરુ તો ડગે પણ મન ન ડગે .ખૂબ સરસ રીતે ગાય છે મેમ મોટેરા સૂર્ય મંદિર ખાતે કથક નૃત્ય પણ કરેલ છે.સતત સંવેદનશીલ સાથે તેમનો પરિવાર તેમના જીવન સાથી રામ ગોપાલ જી.દીકરી કૃપા દીકરો રામ પણ એટલા જ સરળ છે .તેમને આવા કુશળ મહિલા હાલ ૨૦ કલાક આપડા માટે કામ કરી રહ્યા છે અને આપડે બાઈક લઈને ગલ્લે મસાલા વગર નથી રહી શકતા . તમારી આજુ બાજુ પણ આવા કોરોના સામે આપડાં માટે કામ કરતા ને વંદન કરજો. જયંતિ રવિ મેમને વંદન

# -: ક્ષણોનો મહોત્સવ અભિયાન :-

## જય શ્રી કૃષ્ણ!

આજની આ ક્ષણ મને મૂલ્યવાન મળી છે.ભૂતકાળમાં ક્યારેય આવી તક આવી નહોતી. ભવિષ્ય માં પણ ભાગ્યેજ મળશે.

મારાં જીવનને મારે મહામૂલ્યવાન બનાવવું છે. જેનું અભિયાન આદરવું જ રહ્યું.

આ અભિયાન માં પોતાને જોડીને પોતાનાં જીવનને ઉજ્જવળ બનાવીને રહીશ.

-: આજનો સ્વાધ્યાય અભિયાન :-

૧. સ્વમુલ્યાંકન :-

આજે હું મારી જાત (s e l f )વિશે વિચારીશ. હું કોણ છું? આ ધરતી પર હું કેમ છું ? મારે શું થવું છે ? મારે શું કરવું છે ?

હાલ હું જીવી રહેલ છું તે બરાબર છે ? મારામાં શું સારું છે ?

મારાં કુટુંબ સાથે,મિત્ર પરિવાર સાથે નું મારું વર્તન મને ગમે તેવું છે ? હું માનવ છું મારાથી કઈ ભૂલ/ભૂલો થઈ છે ? મારે કોઈને કહેવાની જરૂર નથી. મને ખબર છે કે તેને મારે કેવી રીતે દૂર કરવાની છે ! જરૂર પડશે તો મારા પ્રિય પિતાજી, મમ્મી, કે ---- સ્નેહી ને પૂછીશ. સાચા અર્થમાં હું પસ્તાવો કરીશ.મને વિશ્વાસ છે કે મારો ઈશ્વર મને તરતજ માફ કરી દેશે.કારણકે જીવનમાં બીજી વખત આવી ભૂલ નહી કરવા પ્રયત્ન અચૂક કરીશ.

હું મારી જાતને ક્યારેય છેતરીશ નહી.

સ્વાધ્યાય-૨:-

આજનું ગૃહકાર્ય :-

મારા અગત્યનાં દસ્તાવેજ જેવાકે ધોરણ ૦૧ થી આજ સુધીના પરિણામ પત્રકો, માર્કશીટો, મારા અને કુટુંબના સભ્યો નાં જન્મ , મૃત્યુ, લગ્ન રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર, લિવિંગ સર્ટિફીકેટ, આધાર કાર્ડ, વિવિધ આઈકાર્ડસ, આવક, જાતિ અંગેનાં, મકાન નાં, કાનૂની દસ્તાવેજ , મને મળેલ પ્રમાણપત્રો, શીલડ્સ, મેડલ્સ ને સુવ્યવસ્થિત રીતે શોધી કાઢીશ,જરૂર જણાય અનુકુળતાએ તેને લેમીનેશન કરાવી લઈશ. જે નહીં હશે તેને મહીના પછી અનુકૂળતાએ કઢાવી લઈશ.શક્ય હશે તો બધાની પાંચ પાંચ ઝેરોક્સ કરાવી રાખી યાદ કરીને સુવ્યવસ્થિત કરી લઈશ.

સ્વાધ્યાય:- ૩.

આજનો સ્તોત્ર પાઠ :-

સંકષ્ટ નાશન ગણેશ સ્તોત્ર

મારા સર્વે સ્નેહીમિત્રો ને આ અભૂતપૂર્વ મળેલ ક્ષણ ને યાદગાર બનાવવાનાં અભિયાન માં સ્વૈચ્છીક રીતે જોડાવવા અનુરોધ કરું છું. રોજ ત્રણ સ્વાધ્યાય મુકીશું. જેને ટાસ્ક ગણી પૂર્ણ કરવા પ્રયત્ન અચૂક કરીશું.

આ સંદેશ આપના સ્નેહી જન નેજ મોકલશો. અભિયાન માં જોડાનાર સર્વે ને પુસ્તકભેટ અચુક આપવામાં આવશે. જો ઈચ્છો તો

આપનું નામ, ફોન નમ્બર નીચે દર્શાવેલ ઈમેલ , વોટ્સએપ નંબર પર મોકલી શક્શો.

જય ગણેશ! જય શ્રી કૃષ્ણ !હાર્દિક શુભકામનાઓ સહ.

- ગોપાલ વ્યાસ.

# કોરાના તો જતો રહેશે, પણ કોરોના ભારતને ઘણુ બધુ આપી ગયો આ દસ બાબતો આપણા જીવનમાં કામ કરી ગઈ

આમ તો વિપદા માણસને ઘણું બધુ શીખવાડી જતી હોય છે, વિશ્વ કોરોનાની આફતમાંથી શું શીખશે તેની ખબર નથી, પણ કોરાના ભારતીયોને ઘણી બાબતની શીખ આપી દેશે, આધુનિકતા તરફની દોટને કારણે આપણે આપણી પરંપરા ભુલી પશ્ચીમના દેશોનું આંધળુ અનુકરણ કરવા લાગ્યા હતા, પણ કોરાનાએ જાણે આપણે બ્રેક મારી પશ્ચિમ તરફ જતા અટકાવ્યા છે. કોરાના કયારે અટકશે અને કોરાનાને કારણે કેટલાં લોકો પોતાની જીવ ગુમાવશે તે કહેવું હાલમાં મુશ્કેલ છે, પણ કોરાના ભારતમાંથી વિદાય લેશે ત્યારે કોરોના ભારતીયોને નવી દીશા અને જુની જીવન પધ્ધતી આપી જશે.

(૧) આપણી જુની પરંપરા હતી કે જ્યારે આપણે બહારથી ઘરે આવીએ ત્યારે બુટ ચંપલ બહાર ઉતારી ઘરમાં પ્રવેશ કરતા પહેલા હાથ પગ ધોઈ ઘરમાં પ્રવેશ કરતા હતા, પણ હવે હાથ પગ ધોવાનું તો બાજુ ઉપર રહી ગયું પણ અનેક ઘરોમાં બુટ ચંપલ પહેરી ફરવા લાગ્યા હતા, પણ કોરાનાએ આપણને અટકાવ્યા અને આપણને ફરજ પાડી છે કે, તમારી જુની પરંપરા પ્રમાણે બુટ ચંપલ બહાર ઉતારી હાથ પગ સારી રીતે ધોઈ ઘરમાં પ્રવેશ કરો.

(૨) વિશ્વ જ્યારે યોગ અને આયુર્વેદ તરફ વળી રહ્યું છે ત્યારે ભારતીયો લગભગ આ બંન્ને બાબતને તીલાંજલી આપવાની તૈયારી કરી હતી, પણ કોરોનાની સાબીત કરી આપ્યું કે એલોપથી લાચાર છે, ખરેખર કોરાના સામે લડી શકે અને કોરાના અને તેની જેવી આવનારી બીમારીઓ સામે આપણી દાદીના ઘરેલુ ઉપચાર અને આયુર્વેદ વધારે કારગર નિવડી રહ્યા છે.

(૩) પશ્ચિમના દેશોનું અનુકરણ કરતા આપણે ફાસ્ટ ફુડ અને વિવિધ પ્રકારના ઠંડા પીણા પીવાની શરૂઆત કરી હતી, પણ કોરાનની સારવાર કરનાર વિશ્વના ડૉકટર્સ હવે કોરાના સામેની લડાઈમાં ઘરનો ખોરાક અને ગરમ પાણી વધુ અસરકારક હોવાનું કહી રહ્યા છે.

(૪) કોઈના મૃત્યુ બાદ આપણે મૃતકના ઘરે અથવા સ્મશાનમાં જઈ પોતાના ઘરે પાછા ફરતા ત્યારે આપણે ઘરમાં કોઈને પણ સ્પર્શ કર્યા વગર સ્નાન કરી લેતા હતા, આપણા વડીલો તેને સુતક કહેતા હતા, પણ આપણે સુતકના નામે ચાલતી આ પરંપરાને ફગાવી દીધી હતી, પણ કોરાના દરમિયાન સાવચેતી અંગે આપણને મળેલી ડૉકટર્સની સલાહએ સાબીત કરી આપ્યું કે મૃત્યુ પ્રસંગે ગયા બાદ, સ્નાન કરવુ, કેટલું હિતાવહ છે.

(૫) અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ ભારતની મુલાકાતે આવ્યા તે મુલાકાત પ્રસંગને આપણે નમસ્તે ટ્રમ્પ નામ આપ્યું હતું, જો કે આપણે ખુદ નમસ્તે કરવાનું ભુલી જ ગયા હતા, આપણે નમસ્તેની પરંપરા છોડી હાથ મીલાવવાની પરંપરા અપનાવી લીધી હતી, પણ કોરોનાએ આપણને કહ્યું કે મારાથી બચવું હોય તો નમસ્તે જ બચાવી શકશે.

(૬) ઈશ્વર અથવા અલ્લાહની બંદગી માટે ટોળા થઈ મંદિર અને મસ્જીદમાં જવાની જરૂર નથી કારણે પ્રાર્થના અને નમાઝ અત્યંત વ્યકિતગત બાબત છે અને તેને વ્યકિતગત જ રહેવા દેવામાં બધાની સલામતી છે. જેઓ ભાન ભુલ્યા તેમની કિંમત ચુકવવી પડે છે તે સાબીત થયું છે.

(૭) પોતાના પ્રિયજનનું પણ એઠું ખાવું અથવા પીવું નહી તેવી આપણી ધાર્મિક માન્યતા હતી, પણ આધુનિકતાનો દોટમાં આપણે તે માન્યતા ફગાવી દીધી, પણ સમયે સાબીત કરી આપ્યું કે કોઈને થયેલી બીમારીનો ચેપ બીજાને લાગે નહી તેવો હેતુ એઠું ખાવા-પીવાની મનાઈ પાછળ હતો.

(૮) માણસને જીવવા માટે બહુ ચીજો અથવા બહુ પૈસાની જરૂર નથી,ઓછામાં પણ ઉત્તમ જીવી શકાય છે. લોકડાઉને આપણને શીખવ્યુ કે ખાવા પીવાના ખર્ચસિવાય આપણને વધારે ખર્ચ થતો જ નથી, રવિવારે તો બહાર જમા જવુ પડે તેવું અનેક લોકો માનતા હતા પણ રેસ્ટોરન્ટમાં ગયા વગર પણ સારી જીંદગી જીવી શકાય છે. તે આપણે જોયુ છે.

(૯) સમય નથી તેવુ કારણ આપી આપણે રાત દિવસ દોડયા કરતા હતા,પણ લોકડાઉને શીખવ્યુ કે આપણી પાસે પોતાના માટે સમય તો હોય છે પણ આપણે તેવા ભ્રમમાં જીવીએ છીએ કે હું દોડીશ નહી તો બધુ થંભી જશે,લોકડાઉનમાં આપણે ઘરમાં જ રહ્યા છતાં દુનિયા તેની ગતીમાં ચાલતી રહી.

(૧૦) ભારતમાં સ્વચ્છતાના મુદ્દે જાગૃતતા ન્હોતી, પણ કોરાનોના કારણે જે જાગૃતના આવી તે સરેરાશ ભારતીયનું આયુષ્ય દસ વર્ષ વધારી જાય તો નવાઈ નહી

# બીજેપી યુવા મોરચા માલપુર દ્વારા ૧ ૨ દિવસ થી રાશનકીટ નું વિતરણ

માલપુર માં ગરીબ અને મધ્યમવર્ગ ના લોકોને રાશન ની કિટો બનાવીને ઘરે ઘરે પહોંચાડવાનું કામ છેલ્લા ૧૨ દિવસ થી અવિરત ચાલુ છે માલપુર ગામ માં બીજેપી યુવા મોરચા દ્વારા જયારે પણ જરૂર હોય ત્યારે યુવાનો દ્વારા ખડેપગે ઉભા રહી કાર્ય કરવા માં આવે છે..

અત્યારે જયારે લોકડાઉન માં માલપુર માં વિધવા મહિલાઓ તેમજ જરૂરતમંદો ને જરૂર છે ત્યારે લોકો ના ઘરો માં ચૂલા ચલાવવાનું કામ કર્યું છે. આ કીટ માં ખાંડ, મરચું, મીઠું, હળદર, ચોખા, તેલ, દાળ તેમજ શાકભાજી જેવી જરૂરિયાત વસ્તુઓ એક કીટ બનાવી ને લોકો ને અપાય છે.જેથી લોકો ને ઘરે ૬ થી ૭ દિવસ ચાલે એટલું સામાન આપવા માં આવે છે..માલપુર ના અંતરિયાળ વિસ્તાર ના લોકો ને પણ આ કિટો પહોંચાડવા માં આવે છે. આ અવિરત કાર્ય માં પૂર્વ માલપુર તાલુકા પ્રમુખ સંજયભાઈ પટેલ, જિલ્લા ઉપપ્રમુખ મહેશભાઈ પટેલ, યુવા પ્રમુખ હર્ષુ પંડ્યા, મહામંત્રી કશ્યપ પટેલ, વિશાલ ગોર, રાજન પ્રણામી તેમજ મયુરભાઈ દરજી એ લોકડાઉન ના બંધ દિવસો માં આ સેવા નું કામ કરી જનસેવા એજ પ્રભુસેવા નું ઉદાહરણ આપ્યું..

CYMK

### પરિવર્તન ગ્રુપ ની ભૂખ્યાં ને ભોજન સેવા ને બિરદાવું છું : નાયબ મુખ્યમંત્રી

# પરિવર્તન ગ્રુપ દ્વારા ચાલતી ભોજનશાળા ઝૂંપપટ્ટી અને ગરીબો માટે બની આશિર્વાદ રૂપ : રાજય સરકારે સેવા ને બિરદાવી



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

વર્તમાન સમય ની વિકટ પરિસ્થિતિમાં મોટા ભાગ ના લોકો પોતાના કામ કાજ પર નહિ જઈ સકતા એવા સમય માં જે લોકો ઝૂપડપટ્ટી માં રહે છે અને સવારે કમાઈ સાંજે ખાતા એવા લોકો ને બે ટાઈમ નું ભોજન કરવું મુશ્કિલ છે ત્યારે છેલ્લા ૧૪ દિવસ થી પાલનપુર માં પરિવર્તન યુવા ફાઉન્ડેશન દ્વારા આવા લોકો સુધી ભોજન મળી રહે તે માટે ની વ્યવસ્થા કરવામાં આવી છે પરિવર્તન ગ્રુપ દ્વારા ચાલતી ભોજન શાળા માં રોજ ૧૦,૦૦૦ થી વધુ લોકો ભોજન લઈ રહ્યા છે દરરોજ બપોરે ૫ થી ૬ હજાર લોકો પોતાની જઠરાગ્નિ ઠારી રહ્યા છે ત્યારે રાજ્ય સરકારે પણ એમની સેવા ને બિરદાવી હતી રાજ્ય સરકાર ના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ , કેબિનેટ મંત્રી અને બનાસકાંઠા ના પ્રભારી મંત્રી ઈશ્વરભાઈ પરમાર દ્વારા ફોન પર ગરીબો ને ભોજન આપવાની સેવા ને બિરદાવી હતી અને સરકાર તમારી સાથે છે તેવી ખાત્રી આપી હતી જિલ્લા વહીવટી તંત્ર વતી કલેકટરશ્રી અને જિલ્લા ના અધિકારી ઓ પરિવર્તન ગ્રુપ દ્વારા ચાલતી ભોજન શાળા ની દરરોજ અપડેટ લઈ રહ્યા છે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા એમનું ચેકીંગ પણ થઈ રહ્યું છે પરિવર્તન ગ્રુપ ના મનોજ ઉપાધ્યાય , રવિભાઈ સોની(પરિવાર ક્લાસિસ), દિવાકર જોશી(યુવા પ્રમુખ),અશોક પટેલ( પટેલ મોબાઈલ), પ્રતીક જોશી(રાધે ધાબા), ચંદુભાઈ દવે( અન્નપૂર્ણા રસોઈયા મંડળ) દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ભૂખ્યાં ને ભોજન મળી રહે એ અમારો એકમાત્ર ઉદ્દેશ છે અને ભગવાન ની સાક્ષી એ આ કાર્ય કરી રહ્યા છીએ વહીવટી તંત્ર અને સરકાર અમારી સાથે છે ગણબધા લોકોના સહયોગ થી આ મોટું કાર્ય શક્ય બન્યું છે ખૂબ બધા લોકો નો અમને સાથ છે એમનો આભાર પણ પરિવર્તન ગ્રુપ વતી માનીએ છીએ

### ટીંટોઈ ગ્રામ પંચાયત મહિલા સદસ્યની ગુંડાગર્દી

# વોર્ડના જાગૃત નાગરિકે પાણી છોડવાનું કહેતા અદાવત રાખી ટોળા સાથે ખૂની હુમલો



અરવલ્લી બ્યુરો મોડાસા

લોકડાઉનની સ્થિતિમાં અરવલ્લી જીલ્લામાં ઘર્ષણના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો થયો છે જનપ્રતિનિધિ જ ગુંડાગર્દી પર ઉતરી આવતા હોવાના અનેક કિસ્સાઓ જોવા મળી રહ્યા છે મોડાસા તાલુકાના ટીંટોઈ ગ્રામ પંચાયત વોર્ડ.નં-૪ ના મહિલા સદસ્ય ભાવનાબેન પ્રકાશભાઈ રાઠોડને તેમના વોર્ડમાં પાણીની સમસ્યા અંગે જાગૃત નાગરિકે રજુઆત કરતા મહિલા સદસ્યએ આ અંગે અદાવત રાખી ગેરકાયદેસર મંડળી રચી જાગૃત નાગરિકના ઘરે પથ્થરમારો અને લાકડીઓ વડે હુમલો કરતા એક વ્યક્તિના પગે ઈજાઓ પહોંચી હતી મહિલા સદસ્ય અને ટોળાના હિચકારા હુમલાથી પરિવારજનો ફફડી ઉઠ્યા હત્યા હુમલાથી બચવા પરિવારજનો ઘરમાં પુરાઈ જતા અને ટીંટોઈ ઓ.પી પોલીસ ઘટનાસ્થળે દોડી આવતા ટોળું વિખેરાઈ જતા સદનસીબે સોની પરિવારનો આબાદ બચાવ થયો હતો મોડાસા રૂરલ પોલીસે મહિલા સદસ્ય સહીત ૧૬ લોકોના ટોળા સામે રાયોટીંગ નો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા ટીંટોઈ ગામમાં વોર્ડ.નં-૪ માં છેલ્લા કેટલાય સમયથી પાણી વિતરણમાં અનિયમિતતા જોવા મળતા કૌશિક કુમાર નારણદાસ સોની નામના સ્થાનિક રહીશે વોર્ડ.નં-૪ ના મહિલા સદસ્ય ભાવનાબેન પ્રકાશભાઈ રાઠોડને રજુઆત કરતા મહિલા સદ્દસ્યનો પારો આસમાને પહોંચ્યો હતો થોડાક કલાકો પછી મહિલા સદસ્ય ભાવના રાઠોડ તેના મળતીયાઓ સાથે ગેરકાયદેસર મંડળી રચી ટોળા સાથે કૌશિક કુમાર સોનીના ઘર આગળ ધસી જઈ લાકડીઓ પછાડી બિભસ્ત ગાળો બોલી દેકારો મચાવી પથ્થરમારો કરતા કૌશિકભાઈ ના પગે પથ્થર વાગતા ઈજાઓ પહોંચતા કૌશિકભાઈ અને તેમના પરિવારજનો ઘરમાં પુરાઈ જતા ઘર પર પથ્થરોનો મારો ચલાવતા ઘરના બારી-બારણાને ભારે નુકશાન થયું હતું મોત નું તાંડવ જોઈ પરિવારજનોએ બચવા માટે પોલીસને જાણ કરતા પોલીસે તાબડતોડ ઘટનાસ્થળે પહોંચતા મહિલા સદસ્ય ભાવના રાઠોડે જાનથી મારી નાખવાની ધમકી આપી ટોળા સાથે રફુચક્કર થઈ ગઈ હતી મહિલા પંચાયત સદસ્યના ઘાતકી હુમલાના પ્રયાસથી લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો

મોડાસા રૂરલ પોલીસે કૌશિક કુમાર નારણદાસ સોનીની ફરિયાદના આધારે ૧)ભાવનાબેન પ્રકાશભાઈ રાઠોડ,૨) રાકેશ ઉર્ફે લાલો ચીમનલાલ રાઠોડ,૩)પુષ્પાબેન રાકેશભાઈ રાઠોડ,૪) ધર્મેશ રાકેશભાઈ રાઠોડ,૫)ભાવેશ રાકેશભાઈ રાઠોડ,૬) રાજુ ભાઈ નામનો શખ્શ સહીત ટોળા વિરુદ્ધ ઈપીકો કલમ-૩૩૭,૫૦૪, ૫૦૬(૨),૧૪૩ અને જીપીએકટ કલમ-૧૩૫ મુજબ ગુન્હો નોંધી આરોપીઓની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા

# પ્રશંસનીય અને ઉમદા કામગીરી કરતું સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્ર

સમગ્ર વિશ્વમાં કૉવીડ ૧૯ કોરોના એ હાહાકાર મચાવ્યો છે અને દુનિયાના અતિ આધુનિક ટેક્નોલોજી ધરાવતા દેશોમાં એક દિવસમાં આ વાયરસથી સેંકડો અને હજારો ની સંખ્યામાં લોકો મૃત્યુ તરફ ધકેલાઈ રહ્યા છે. ભયંકર અને હાહાકાર મચાવનાર આ વાયરસ સમગ્ર ભારત સહિત ગુજરાતમાં પણ અજગરી ભરડો લઇ રહ્યું છે ગુજરાતના મોટાભાગના જિલ્લાઓ આ મહામારીની લપેટમાં આવી ગયા છે ખૂબ જ ઝડપથી સંક્રમિત લોકોની સંખ્યા વધી રહી છે.ઉત્તર ગુજરાતનો મહત્ત્વનો વિસ્તાર એટલે સાબરકાંઠા જિલ્લો જેની સરહદ પડોશી રાજ્ય રાજસ્થાનથી સંકળાયેલી છે સાબરકાંઠા જિલ્લાના કલેકટર તરીકે અનુભવી અને સિનિયર સનદી અધિકારી તરીકે સી.જે.પટેલ સાહેબે ચાર્જ સંભાળ્યો છે અને સતત જાગૃત રહી પળેપળ માટે પ્રજાના હિતકારક નિર્ણયો લઇ આદેશો આપી રહ્યા છે. કલેકટર સાથે સંકલનમાં રહી જિલ્લા પોલીસ વડા ચૈતન્ય માંડલીક પણ પોતાના તાબાની પોલીસ ફોર્સને ચુસ્ત અને કડક ફરજ બજાવવા માટે અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ બગડે નહીં તેનું ધ્યાન રાખી સતત સમગ્ર જિલ્લામાં વોચ રાખી રહ્યા છે પોલીસ અધિકારીઓની સાથે સાથે પોલીસ કર્મચારીઓ માનવતાની સેવા સાથે સાથે દિન રાત ધૂપ તડકો જોયા વિના પોતાની ફરજ બખૂબી અદા કરી રહ્યા છે.આ સમય મેડિકલ સ્ટાફ અને સફાઈ કર્મચારીઓ પણ પોતાના જીવ અને કુટુંબની પરવા કર્યા વિના અડગ મુસાફરની જેમ ડ્યુટી ઈઝ ડેઈટી ને પ્રાધાન્યતા આપી આ મહામારીને પરાસ્ત કરવામાં પોતાની જાતને જોતરી દીધી છે સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર માં આવેલી મેડીસ્ટાર જેવી આધુનિક હોસ્પિટલને આઈસૉલેશન હોસ્પિટલ તરીકે ખૂબ જ ટૂંકા ગાળામાં તૈયાર કરી ૧૦૦ બેડ સાથેની સુવિધા તૈયાર કરવામાં વહીવટી તંત્રે ખૂબ જ જહેમત ઉઠાવી ,કલેકટર શ્રી એ અધિક કલેકટરશ્રી ના મોનિટરિંગ મા હિંમતનગરના ખ્યાતનામ તબીબોની આ કૉરોના નીસારવાર માટે ખડે પગે રહેવા આદેશો આપી નિમણૂકો કરી દેવામાં આવી છે જિલ્લા વહીવટીતંત્રની દૂરંદેશી અને ત્વરિત નિર્ણયો લઇ જિલ્લાની પ્રજાને જીવન જરૂરિયાતની કોઈપણ ચીજ વસ્તુઓની ઉણપ ન વર્તાયે એવું સુચારું આયોજન કરી દીધેલ છે જિલ્લાના શહેરી વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોમાં સરકારશ્રીના ઉચ્ચ અધિકારીઓ સતત જાત મુલાકાત લઇ પરિસ્થિતિનો ક્યાસ કાઢી રહ્યા છે માઈગ્રેટ થતા મજૂરો થી લઈ સામાન્ય પ્રજાની નાનામાં નાની તકલીફો ઝડપથી દૂર કરી રહેલ જિલ્લા વહીવટીતંત્ર ધન્યવાદને પાત્ર છે.જિલ્લા કલેક્ટર શ્રી ના સીધા સંકલનમાં સમગ્ર જિલ્લાનું વહીવટી તંત્ર અસરકારક કામગીરી કરી રહ્યું છે જેનાથી સાબરકાંઠા જિલ્લામાં કોવીડ ૧૯.ના દર્દીઓ અતિ અલ્પ સંખ્યામાં છે. જિલ્લામાં વહીવટીતંત્રની સમયાન્તર ની સૂચનાઓ, આદેશો ,સલાહ અને નિયમોનો જો જિલ્લા ની પ્રજા ચુસ્ત અમલ કરી અનુસરે તો સાબરકાંઠા જિલ્લો કોરોના મુક્ત થશે એવી અપેક્ષા રાખવી પડે. વહીવટીતંત્ર ને સંપૂર્ણ સાથ સહકાર આપવાની સાબરકાંઠા જિલ્લાની પ્રજાની પણ ફરજ બને છે.સમગ્ર હકીકતો ના રજેરજ અને પળેપળના સમાચાર પ્રજા સુધી પહોંચાડતાં રહેતા ઇલેક્ટ્રોનિક મીડિયા, પ્રિન્ટ મિડીયા તેમજ વેબ પોર્ટલ ના સર્વે પત્રકાર મિત્રો ને પણ પોતાની જાતની પરવા કર્યા વિના સતત દોડતા રહી ને પ્રજા અને તંત્ર વચ્ચે સેતુરૂપ થઈ રહ્યા છે.

રીપોર્ટ : ઇન્દ્ર પટેલ (સાબરકાંઠા)



કોરાના કહેર માંથી ગામને ઉગારવા આજે સમી તાલુકાના રવદ ગામે ગામ સેનેટાઈઝેશન કરવાનું કાર્ય ગામના યુવાનો અને ગ્રામ પંચાયત,રવદ ના સહયોગ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં આ વિસ્તારના લોકપ્રિય ધારાસભ્યશ્રી અને ગુજરાત સરકારના કેબીનેટ મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર સાહેબે જરુરી સેનેટાઝેશન માટેની સામગ્રી(દવા) પૂરી પાડી સમગ્ર ચાણસ્મા વિધાનસભાના ગામો માટે ઉમદા ઉદાહરણ પુરું પાડ્યું હતું.આ સમગ્ર કાર્યનું સંકલન સહકાર ભારતી પાટણ જિલ્લાના અધ્યક્ષશ્રી હરિભાઈ પટેલે કર્યું હતું જેમાં સરપંચશ્રી મેનાંબેન રાણાજી ઠાકોર,શ્રી નટવરભાઈ નાઈ,શ્રી વસાભાઈ નાડોદા,શ્રી દિનેશભાઈ મકવાણા,શ્રી કિશનભાઈ ઠાકોર,શ્રી પ્રવિણભાઈ ઠાકોર અને વિશેષ સહયોગ પંપ દ્વારા સેનેટાઈઝડ કરવા સખત પરિશ્રમ શ્રી પ્રહલાદજી ઠાકોર અને શ્રી ચતુરજી ઠાકોરે ઉઠાવ્યો હતો તો માત્ર ડીઝલ ખર્ચમાં ટ્રેકટર પંમ્પ-મશીન સહયોગ કાઠી ગામના શ્રી અરવિંદભાઈ સિંધવે કર્યો હતો.આમ રવદ ગામનાં તમામ શેરી,મહોલ્લા,જાહેર સંસ્થા અને માર્ગો ને સેનેટાઈઝ કરવામાં આવ્યા હતા. આ કામગીરી વહેલી સવારથી બપોર સુધી નિરંતર ચાલી હતી.

### સમાજના દુશ્મન

# બાયડના સૈયદવાડા વિસ્તારમાં લોકડાઉનની અમલવારી કરાવવા જતા પોલીસ અને સ્થાનિકો વચ્ચે ઘર્ષણ



અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતમાં કોરોનાના ૪૩૨ થી વધુ લોકો સંક્રમિત બન્યા છે ૧૯ લોકો કોરોના સામે જંગ હારી જતા મોતને ભેટ્યા છે રાજયમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા વધતાં તંત્ર દ્વારા કડક તપાસ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.અરવલ્લી જીલ્લામાં લોકડાઉનની અમલવારી માટે સતત રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલિંગ સાથે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે બાયડ પોલીસ પેટ્રોલિંગ દરમિયાન સૈયદવાડા વિસ્તારમાં ટોળેવળી બેઠેલા યુવકો અને પોલીસ વચ્ચે બોલાચાલી પછી સ્થાનિકો અને પોલીસ વચ્ચે ઘર્ષણની સ્થિતિ પેદા થતા મામલો બિચક્યો હતો જિલ્લા એસપીએ પોલીસ કાફલો ખડકી દઈ વણસતી સ્થિતિને કાબુમાં લીધી હતી

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર બાયડ પોલીસ લોકડાઉનની અમલવારી માટે બાયડ શહેરમાં પેટ્રોલિંગની કામગીરી કરી રહી હતી સૈયદવાડા વિસ્તારમાં કેટલાક યુવાનો ટોળેવળી ગપ્પામાં મારતા હોવાથી પોલીસે લોકડાઉનની અમલવારી અને કલેક્ટરના જાહેરનામાના ભંગ અંગેની કાર્યવાહી કરતા સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને પોલીસની કામગીરીમાં અવરોધ ઉભો કરતા ઘર્ષણના દ્રશ્યો પેદા થયા હતા બાયડ પોલીસે ઘટનાની ગંભીરતા સમજી જિલ્લા પોલીસવડાને સમગ્ર ઘટના અંગે જાણ કરવામાં આવતા જિલ્લા એલસીબી, એસઓજી પોલીસનો કાફલો અને ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તાત્કાલિક પેટ્રોલિંગ સહિતની કામગીરી કરીને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી અને મોટી સંખ્યામાં પોલીસ કાફલો તહેનાત કરી દેવામાં આવ્યો હતો ૧૦ થી વધુ યુવકોની અટકાયત કરી બાયડ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી એકબાજુ કોરોનાને અટકાવવા માટે તંત્ર અને પોલીસ દ્વારા દિવસ રાત એક કરી કામગીરી કરવામાં આવી રહી છે. ત્યાં લોકોની સુરક્ષા માટે જ આ તમામ કાર્યવાહી કરવામાં આવતી હોવા છતાં અમુક લોકો દ્વારા સતત અવરોધો ઉભા કરવામાં આવી રહ્યા છે. લોકો હજુ પણ કોરોના વાયરસની ગંભીરતાને સમજી રહ્યા નથી.


**ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક પારિવારિક ઊર્મિ ફાઉન્ડેશન દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે અમારા સહયોગીઓ દ્વારા રોજ ૨૫૦ થી ૨૭૫ ફૂડ પેકેટ તેમજ કરિયાણા ની કીટ નું જરૂરિયાતમંદ લોકો માં વિતરણ જુદા જુદા વિસ્તારમાં કરવામાં આવે છે.આ પ્રવૃત્તિ છેલ્લા ચાર દિવસ થી અવિરત ચલી રહી છે.આપ પણ આપનો સહયોગ એક કીટ ના ૭૦૦ રૂપિયા કે ૯૦૦ રૂપિયા.નાની મોટી કીટ પ્રમાણે અમારા અખબાર ના મેમનગર.વાસણા.શાહપુર હલીમ ની ખડકી.ગોઝારીયા પોળ કકે ગાંધીનગર મુખ્ય કાર્યાલય ખાતે સંપર્ક કરીને કરી શકો છે.**

**તંત્રી : પ્રદીપ રાવલ.(૯૮૨૪૬૫૩૦૭૩)**

**સહતંત્રી નિલેશ રાવલ.અમદાવાદ**

**(૯૮૨૫૩૬૨૭૫૮)(૯૮૨૪૦૯૬૨૫૦ બકુલ રાવલ)**


### અરવલ્લી પોલીસ કોન્સ્ટેબલને સલામ

# કોરોના સામે લડવા એક મહિનાનો પગાર નહિ લે સરકાર રાહતફંડમાં જમા કરાવશે



અરવલ્લી બ્યુરો મોડાસા

દેશ આખો કોરોના વાયરસ સામેની લડાઈમાં ઝઝૂમી રહ્યો છે. મોટા મોટા ઉદ્યોગપતીઓ, સેલિબ્રિટી ઓ અને રાજકારણીઓ, ક્રિકેટરો પ્રધાનમંત્રી રાહત ફંડમાં કરોડો રૂપિયા જમા કરાવી રહ્યા છે. તો ઘણા લોકો એવા છે કે મુખ્યમંત્રી રાહત ફંડમાં પણ રકમ જમા કરાવી રહ્યા છે. લોકડાઉનની કડક અમલવારી વચ્ચે શ્રમિકો અને જરૂરિયાતમંદ લોકોની હાલત દયનિય બની રહી છે અરવલ્લી જીલ્લામાં વહીવટી તંત્ર, પોલીસતંત્ર અને સેવાકીય સંસ્થાઓ સતત મદદનો ધોધ વહાવી રહી છે અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં એમ.ટી.શાખામાં ફરજ બજાવતા જીતેન્દ્રસિંહ મહોબતસિંહ નામના પોલીસ કોન્સ્ટેબલે એપ્રિલ મહિનાનો પગાર સરકારના રાહતફંડમાં જમા કરાવવાનો નિર્ણય કરતા અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે કોન્સ્ટેબલની અનોખી પહેલને "કોરોના વોરિયર" ગણાવી સરાહના કરી હતી

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની એમ. ટી શાખા મોડાસામાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા જીતેન્દ્રસિંહ મહોબતસિંહ (બ.નં-૨૦૯) નામના પોલીસ કર્મચારીએ ફૂલ નહિ તો ફૂલની પાંખડી સમાન એક મહિનાનો એપ્રિલ-૨૦૨૦ માસનો પગાર સરકારના રાહતફંડમાં કોરોના સામે મુશ્કેલી ભોગવી રહેલા ગરીબોની મદદ થઈ શકે તેવા ઉમદા હેતુ થી જમા કરાવવા જીલ્લા પોલીસવડા મયુર પાટીલને લેખિત જાણ કરી હતી આમ તો આ રકમ ફૂલ નહિ તો ફૂલની પાંખડી છે.

પણ ગરીબ લોકોની મદદ માટે પોલીસ કર્મચારીનો આ વિચાર આકાશને આંબે તેવો છે પોલીસ કોન્સ્ટલેબલે એક મહિનાનો પગાર સરકારના રાહતફંડમાં જમા કરાવવાના નિર્ણયની પોલીસતંત્ર અને લોકોએ સરાહના કરી હતી

### માલપુરના પટેલના મુવાડા ગામે

# દારૂડિયો પતિ પત્નીને ત્રાસ આપતા : ૧૮૧ અભયમ ટીમે ઠંડુ પાણી રેડી નશો ઉતાર્યો



અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના મહામારીને લઈને સમગ્ર દેશ લોકડાઉન છે પોલીસતંત્ર લોકડાઉનની અમલવારી અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા કમરકસી રહી છે લોકડાઉનની સ્થિતિમાં વિદેશી દારૂની તીવ્ર તંગી વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમાં દેશી દારૂનો વેપલો ધમધમી રહ્યો છે અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના પટેલના મુવાડા ગામે દારૂના રવાડે ચઢેલો યુવાન તેની પત્નીને ત્રાસ આપતા અસહ્ય બનેલા ત્રાસથી ત્રાહિમામ બની મહિલાએ ૧૮૧ અભયમ ટીમને જાણ કરતા ૧૮૧ અભયમની ટીમ પટેલના મુવાડા ગામે પહોંચી દારૂના નશામાં મદમસ્ત બનેલા યુવકને ઠંડા પાણીથી નશો ઉતારી કોરોના મહામારીમાં લોકડાઉનની સ્થિતિમાં કાયદાનું ભાન કરાવી ગામના આગેવાનો વચ્ચે પત્નીની માફી માંગી ત્રાસ નહિ આપેની બાંહેધરી આપતા કાયદાકીય કાર્યવાહી કરવાનું ટાળી મહિલાની મદદે પહોંચતા મહિલાએ હાશકારો અનુભવ્યો હતો.માલપુર તાલુકાના પટેલના મુવાડા ગામે અને આજુબાજુના વિસ્તારમાં ખુલ્લેઆમ દેશીદારૂનું વેચાણ થતા અનેક યુવાનો દારૂના નશામાં રચ્યા પચ્યા રહે છે પટેલના મુવાડા ગામે દેશી દારૂની લતમાં યુવક દરરોજ દેશી દારૂ ઢીંચી તેની પત્ની ત્રાસ આપતા અસહ્ય બનેલા ત્રાસથી પતિને સબક શીખવાડવા લોકડાઉનમાં પોલિસ સ્ટેશને જવું મુશ્કેલ જણાતા ૧૮૧ અભયમ હેલ્પલાઈનમાં ફોન કરતા અરવલ્લી ૧૮૧ અભયમ ટીમ મહિલા પોલિસ સાથે તાબડતોડ પહોંચી હતી ૧૮૧ અભયમની ટીમ મહિલાના ઘરે પહોંચી તો તેનો પતિ દારૂના નશામાં ચકનાચૂર બની ઘર બહાર ખાટલામાં પડી રહ્યો હતો ૧૮૧ અભયમ ટીમ હાલ લોકડાઉનની સ્થિતિ માં મૂંઝવણમાં મુકાઈ હતી નશેડી યુવકને ઠંડુ પાણી રેડી નશો ઉતારી નશો ઉતરતા ગામના આગેવાનો બોલાવી દારૂડિયા પતિને દારૂબંધીના કાયદાનું ભાન કરાવી દારૂડિયા પતિ અને પીડિત પત્નીનું કાઉન્સલીંગ કરતા જેલથી ફફડી ઉઠેલા પતિએ તેની પત્નીની માફી માંગી દારૂનો નશો નહિ કરવાની બાંહેધરી આપતા ૧૮૧ અભયમની ટીમે હાલ પૂરતી કાયદાકીય કાર્યવાહી કરવાનું ટાળી હતી મહિલા માટે ૧૮૧ અભયમ ટીમ આશીર્વાદ રૂપ સાબિત થઈ હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK